Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૨૫૭
તા.૧૯-૧૦-૨૦૧૯, શનિવાર
સંવત ૨૦૭૫ આસો વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૭ સૂર્યાસ્ત : ૦૬:૧૦

તાપમાન
ડીસા ૩૬.૮ | વડોદરા ૩૫.૦
અમદાવાદ ૩૪.૮ | સુરત ૩૫.૦
ગાંધીનગર ૩૫.૪ | નલિયા ૩૫.૬

ચાંદી : ૪૫,૫૦૦ સોનું : ૩૮,૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૩૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

પેટાચૂંટણી પૂર્વે અમિત શાહના ગુજરાતમાં ધામા

૨૦મીએ સોમનાથ મંદિરમાં શીશ ઝુકાવશે : ગુજરાત મુલાકાત દરમિયાન પેટા ચૂંટણીને લઇ ભાજપના સ્થાનિક નેતાઓ અને પ્રદેશ સંગઠનના અગ્રણીઓ સાથે મિટિંગ કરશે

અમદાવાદ

ગુજરાત રાજયની પેટા ચૂંટણી પહેલાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે આવ્યા છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી સભા સંબોધવા જઈ રહ્યાં છે ત્યારે અમિત શાહ આજે સુરતમાં રાત્રીરોકાણ કર્યું હતું. આ ઉપરાંત જન્મદિવસ પૂર્વે જ અમિત શાહ તા.૨૦મીએ સોમનાથ મંદિરમાં પૂજાઅર્ચના

કરી શીશ ઝૂકાવશે અને સોમનાથ મહાદેવના આશીર્વાદ મેળવશે. ગુજરાતની મુલાકાતને લઈને છેલ્લી ઘડીએ ફેરફાર કરાયા હોવાનુ પણ જાણવા મળ્યુ છે.ઉલ્લેખનીય છે કે, તા.૨૨મીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનો જન્મદિવસ છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સુરત એરપોર્ટ પર આજે રાત્રે દસેક વાગ્યાની આસપાસ પહોંચી ગયા હતા. તેઓએ સુરતમાં જ રાત્રીરોકાણ કર્યું હતું. મહારાષ્ટ્રમાં આવતીકાલે તા.૧૯મી ઓક્ટોબરે નવાપુરામાં અમિત શાહ જાહેરસભાને સંબોધન કરશે. સભાને સંબોધિત કર્યા બાદ કરી અમિત શાહ ગુજરાત પરત આવશે. તેઓ તા.૧૯મીની રાત્રે કેશોદ એરપોર્ટ પર ઉતરશે. બાદમાં અમિત શાહ સોમનાથમાં રાત્રીરોકાણ કરશે. તો, તા.૨૦મીએ વહેલી સવારે તેઓ સોમનાથ મંદિરમાં દાદાના ચરણોમાં શીશ ઝુકાવશે.

ચિદમ્બરમની અરજી સંદર્ભે સુપ્રીમમાં ચુકાદો અનામત

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે દિલ્હી હાઈકોર્ટના એવા આદેશની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જેમાં પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમની જામીન અરજીને ફગાવી દેવામાં આવી છે. આઈએનએક્સ મિડિયા કેસમાં મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવેલા ચિદમ્બરમે જામીન રદ કરવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો. બીજી બાજુ કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબી આઈએ પોતાની દલીલમાં કહ્યું હતું કે, ચિદમ્બરમની માત્ર ઉપસ્થિતિ જ સાક્ષીઓને ડરાવવા ધમકાવવા માટે પુરતી રહેલી છે. તેમને ઓછામાં ઓછા એ વખત સુધી જામીન મળવી જોઈએ નહીં જ્યાં સુધી મહત્વપૂર્ણ સાક્ષીઓની પુછપરછ પૂર્ણ કરવામાં ન આવે. સીબીઆઈએ કહ્યું હતું કે, આજે એવી સ્થિતિ રહેલી છે જ્યારે આર્થિક અપરાધોના આરોપી દેશમાંથી ભાગી રહ્યા છે. એક રાષ્ટ્ર તરીકે અમે આ સમસ્યાથી પરેશાન છીએ.

બોડાલ ગામે અજગરને જીવતો સળગાવવાનો વીડિયો વાયરલ : વનવિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

કંચનજી ઠાકોર, નરસિંહ દેસાઈ

આ ઘટના ૧૫ દિવસ પહેલાની હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું

પ્રતિનિધિ ભીલડી/વડાવલ

આજકાલ સોશિયલ મીડિયા અવનવા કિસ્સાઓ વાયરલ થતા ચર્ચાસ્પદ થતા હોય છે ત્યારે આવો જ કિસ્સો ડીસા તાલુકાના બોડાલ ગામે બનતા જેમાં એક જીવતા અજગરને બે ઈસમો દ્વારા જીવતો સળગાવી દીધા બાદ તેનો વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં વાઈરલ કરતા ચકચાર મચી જવા પામી છે

આ અંગેની મળતી વિગતો અનુસાર ડીસા તાલુકાના બોડાલ ગામે પ્રાથમિક તપાસ અનુસાર આજથી પંદર દિવસ અગાઉ બે ઈસમો દ્વારા અજગરની જીવતો સળગાવી દહીં ત્યારબાદ બે ઈસમો દ્વારા તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કરતાં આ વિડીયોની વનવિભાગને જાણ થતા આજે ડીસા તાલુકાના બોડાલ ગામે વનવિભાગની ટીમ આવી તપાસ શરૂ કરતાં સ્થળનું પંચનામુ કરી અજગરની જીવતો સળગાવનાર ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે અને જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ભારત-ચીનને વિકાસશીલ દેશોના દરજ્જામાંથી બહાર કરો : ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને ચીન વિરૂદ્ધ આકરૂ વલણ દાખવ્યું છે. તેમને કહ્યું છે કે, ભારત અને ચીન હવે વિકાસશીલ દેશ રહ્યાં નથી. તેમ છતાંયે બંને દેશો વિશ્વ વ્યાપાર સંગઠન (ડ્ઊ)માંથી વિકાસશીલ દરજ્જાને અંતર્ગત લાભ ઉઠાવી રહ્યાં છે. ટ્રમ્પે પત્ર લખીને ઉ્ઁને ભલામણ કરી છે કે, ભારત અને ચીનને હવે છુટછાટ ના આપવામાં આવે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, ઉ્ઁ હજી પણ ચીનને વિકાસશીલ દેશ ગણે છે, જેને લઈને અમે એક પત્ર લખ્યો છે અને કહ્યું છે કે, ચીનને આ દરજ્જાથી બહાર કરવામાં આવે. સાથે જ તેમણે કહ્યું હતું કે, હવે ભારતને પણ વિકાસશીલ દેશોના દરજ્જામાં ના રાખવામાં આવે કારણ કે, બંને જ દેશ અમેરિકાને ટક્કર આપી રહ્યાં છે, ભવિષ્યમાં અમે આ લાભ ના આપી શકીએ.

સ્વચ્છ ભારત,સર્જીકલ સ્ટ્રાઇકની વાત કરતાં જ કોંગ્રેસને પેટમાં દુઃખે છે : નરેન્દ્ર મોદી

પાકિસ્તાન સાથે કોંગ્રેસની કયા પ્રકારની કેમેસ્ટ્રી છે તે ખબર પડતી નથી

ગોહાના

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના ગોહાનામાં શુક્રવારે ચૂંટણી સભા સંબોધી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં હું તમારા આશીર્વાદ લેવા નહતો આવી શક્યો. તમે બીજેપીને બહુમતીથી જીત અપાવી. જેમને ભ્રમ હતો કે તેઓ આ રાજ્યના માલીક છે તેમનો ભ્રમ તમે ભાંગી નાખ્યો. અહીં વડાપ્રધાને ૩૭૦, સર્જિકલ સ્ટ્રાઈક, બાલાકોટ મામલે કોંગ્રેસને બરાબરની ઘેરી હતી.

વડાપ્રધાને આ રેલીમાં કોંગ્રેસ પર અનુચ્છેદ ૩૭૦ વિશે પણ પ્રહાર કરતા કહ્યું કે, તેમને ભારતની એકતાની ચિંતા પણ નથી અને નથી તો બંધારણની ચિંતા. જેમને મા ભારતીની ચિંતા નથી શું તેમને હરિયાણા ચિંતા હશે?

ગોહાના રેલીમાં પીએમ મોદીએ કહ્યું કે, જાહેર જીવન જીવતા લોકોને હરિયાણાએ ખુબ મોટો સબક શીખવ્યો છે. તેમણે કહ્યું છે કે, અખાડો કુશ્તીનો હોય કે સીમા પર ઉભા રહેવાનો, હરિયાણાના નવયુવકો હંમેશા તૈયાર રહેતા હોય છે.

થરાદની દેના બેંકમાં આગ લાગતા અફડાતફડી : લાખ્ખોનું નુકશાન

વિષ્ણુ દવે

ફાઈલો, કોમ્પ્યુટર સહિતની મશીનરી બળીને રાખ થઈ ગઈ

થરાદ

થરાદ શહેરના વિજય બિઝનેસ સેન્ટરમાં પ્રથમ માળે રાષ્ટ્રીયકૃત દેનાબેંકની મુખ્ય શાખા આવેલી છે. આ શાખામાં શુક્રવારની વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે બેંકનું ફાયર એલાર્મ (હુટર) વાગતાં ચોકીયાત વિજયભાઈને આગ લાગ્યાની જાણ થવા પામી હતી. આથી તેણે બેંકના કર્મચારીઓને જાણ કરી હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટસર્કિટ જાણવા મળ્યું હતું. દોડી આવેલા અધિકારી અને કર્મચારીઓએ આ અંગે નગરપાલિકાને જાણ કરતા પાલિકાના ફાયર ટીમ ઓફિસર વિરમ ઠાકોર બંને ફાયર ફાઈટરો સાથે દોડી આવ્યા હતા અને ધુમાડાના ગોટામાં લપેટાયેલી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બેંકની અંદરની બારી-બારણાં મજબુત રીતે બંધ હોવાના કારણે તેમાં તોડફોડ કરીને પાણીનો મારો કરવામાં આવ્યો હતો. જો કે આગ કાબુમાં લેવાય તે પહેલાં આગ તેનું કામ કરી લેતાં બેંકમાં પ્રાથમિક નજરે દેખાતી તમામ ચીજવસ્તુ બળીને રાખ થવા પામી હતી.

આ બનાવને પગલે નગરમાં ભારે અફરાતફરી સાથે ઉત્તેજનાનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો. થરાદ પોલીસને તથા બેંકની હેડ ઓફિસમાં બનાવ અંગે બ્રાન્ચ મેનેજર અમિતેષકુમાર અમર દ્વારા જાણ કરાઈ હતી. બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે બેંકને આંકડાની દૃષ્ટિએ ચોક્કસ નુકસાન કેટલું થયું તેની વિગતો હજુ સુધી જાણવા મળી ન હતી. પરંતુ બેંકનું તમામ ફર્નિચર, બેંકનું રેકર્ડ, સીસીટીવી કેમેરા, કોમ્પ્યુટર, સીપીયુ, એ.સી., પંખા, લાઈટો,વાયરો,

અનુસંધાન પાના નં.૬

શિહોરી નજીકથી ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપાઈ : ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત

સજ્જનસિંહ સોલંકી/સંજય જોષી

૪.૨૦ લાખનો દંડ ફટકારાયો

(પ્રતિ.) પાલનપુર/શિહોરી

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના શિહોરી નજીકથી જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીની ટીમે ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપી લીધી હતી. આ અંગે રૂપિયા ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રૂપિયા ૪.૨૦ લાખનો દંડ ફટકારતાં ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં ભૂસ્તર વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન રેતી- ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરવામાં આવી રહી છે. જ્યાં શુક્રવારે જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીની ટીમે ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપી લીધી હતી. આ અંગે જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષીએ જણાવ્યું હતુ કે, ટીમના રોયલ્ટી ઇન્સ્પેકટર શક્તિદાન ગઢવી, સર્વેયર મેહુલ દવે સાથે રેતીની તસ્કરી ડામવા માટે વહેલી સવારથી ખાનગી વાહનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જે દરમિયાન શિહોરી નજીકથી ખનીજ ચોરીને જતી બે ટ્રકો ઝડપી લેવાઇ હતી. આ અંગે રૂપિયા ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રૂપિયા ૪.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભૂસ્તર વિભાગ દ્વારા કરાયેલી કાર્યવાહીના કારણે ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

વિચાર વૈભવ...

'ભગવાને મારે અખાડે મોકલજે!'

છોટુભાઈ પુરાણીના નાના ભાઈ અંબુભાઈ ગુજરાતમાં અખાડાપ્રવૃત્તિના સ્થાપક તરીકે પુરાણીબંધુઓ ઘેરઘેર જાણીતા થયા.મોટા ભાઈએ અંબુભાઈને પણ વ્યાલામમાં તૈયાર કર્યા.છોટુભાઈની ભાવના એવી કે,હું મોટો એટલે મારું મોત પહેલું આવશે.એ વખતે અખાડાપ્રવૃત્તિ ચાલુ રાખવાની જવાબદારી અંબુભાઈ ઉઠાવી શકશે.માણસો આવે ને જાય,પરંતુ રાષ્ટ્રની પ્રવૃત્તિ તો અખંડિત ચાલુ રહેવી જોઈએ.એ માટે તે અંબુભાઈ ઘર મદાર બાંધી રહ્યા હતા.

પણ પછી બન્યું એવું કે અંબુભાઈને પોલિયોરોગનો સાદ સંભળાયો.ત્યાં જઈને અરવિંદ આશ્રમમાં પ્રભુની શોધમાં એ ભેળી ગયા.છોટુભાઈની ગણતરી ઊંધી વળી ગઈ.

બેય ભાઈઓ વચ્ચે પ્રેમસંબંધ એવો ને એવો.ક્યારેક મળવાનું થાય ત્યારે અંબુભાઈને છોટુભાઈ કહેતાં:'તારા ભગવાનને મળવાની મને ફુરસદ નથી.તને જો ક્યાંય ભેટી જાય તો મારી સલામ કહેજે ને મારા અખાડા જોવા મોકલજે.મારા ભગવાન મારા અખાડામાં છે.'

-દાદા કાલેલકર

સાર સમાચાર...

કરતારપુર જનારા ભારતીય શ્રદ્ધાળુ પાસેથી કર ન વસુલે પાકિસ્તાનઃ ભારત

ન્યુ દિલ્હી

ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે તે કરતારપુર જનારા ભારતીય શ્રદ્ધાળુઓ પાસેથી પ્રતિ વ્યક્તિ ૨૦ ડોલરની સર્વિસ ફી લેવા પર ભાર ન આપે. સાથે જ આશાઓ વ્યક્ત કરી કે કરતારપુર કોરિડોરના પરિચાલન માટે બંને દેશો વચ્ચે જલ્દી જ સમજૂતી પર હસ્તાક્ષર થઈ જશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું કે સર્વિસ ફીને છોડીને ભારત અને પાકિસ્તાન કોરિડોરના વિષય પર એક સમજૂતી પર પહોંચી ગયા છે.

ગતકડું.... - દેવન વ્યાસ

દિવાળી નહિં બારેમાસ સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરી દેશભક્તિ બતાવવી જોઈએ !

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
માસ દિવાળી ઓફરોની આતશબાજી
પર્સનલ લોન ૫ લાખ સુધી માત્ર ૩ દિવસમાં
ટુ-વ્હીલર વસાવો 100% લોન સાથે
USED કોમર્શિયલ વ્હીકલ લોન
મશીનરી લોન
બિઝનેસ લોન
પ્રિ-ઓન કાર લોન
હોમ લોન
આકર્ષક વ્યાજદર | ઝડપી પ્રોસેસિંગ | આસાન શરતો | માસના જૂના ગ્રાહકો માટે સ્પેશિયલ ઓફર | "જે સમજે આપના અમૂલ્ય સ્વપ્નાઓ નું મુલ્ય" | વધુ માહીતી માટે મિસ્ડ કોલ કરો 079-49137711

સૂર્યોદય - ૬.૩૭ સૂર્યાસ્ત -૬.૧૦

તિથિદર્શન

આસો વદ-૫ શનીવાર ૨૦૭૫



વિક્રમ સંવત :૨૦૭૫, શા.શકે-૧૮૪૧,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ આસો વદ:પાંચમ શનિવાર નક્ષત્ર:મૃગશીર્ષ સાંજે ૫.૪૧ પછી આદ્રા યોગ : પરીધ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી મીણુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

મક્ષિકા મશકો વેશ્યા મૂષકો યાચક સ્તથા ગ્રામીણી ગણક-શ્વૈવ સપ્તૈતે પરભક્ષકા :

માખી, મચ્છર, વેશ્યા, ઉંદર અને યાચક, જોશી તથા ગામોના મુની (નેતા) આ સાત જણા પરિશ્રમ કર્યા વિના બીજાની મહેનતનું જ ખાય છે.

કેટલાક લોકોના સ્વભાવમાં, લોહીમાં જ વગર મહેનતનું, મફતનું, બે નંબરી, છળકપટથી દગાબાજ કે ખંડણી-કપડરણ કરી ધન-સમૃદ્ધિ એકત્ર કરવાની ટેવ-સ્વભાવ-શોખ થઈ જાય છે.

કરોડોની સમૃદ્ધિ હોય છતાં 'બાપુ' એકના બમણાની બીજી રસે છે ને ? નેતાઓ-પ્રધાનો પાસે સાત-સાત પેઢી ખાય એટલું ધન-સમૃદ્ધિ હોય છતાં સંતોષ ક્યાં થાય છે ?

લોકોને પરિશ્રમ દ્વારા મળતા 'પગાર'માં રસ નથી. તરત પૂછે, બીજું, આડી આવક ખરી ?! અહીં ગામનો મુખી તો પ્રતીક તરીકે લીધો છે. બાકી 'ચૂંટણી' ઊભી હોય ત્યારે કરોડોના ખર્ચા કરનારા કંઇ 'સેવા' માટે પ્રચાર-પડાપડી કરે છે ?

એમના લોહીમાં તો પેલી માખી-મચ્છરની, બીજાનું-બીજાએ પોતાના પરિશ્રમથી એકઠું કરેલું 'લોહી' ચૂસી જવાની વૃત્તિ જ હોય છે. વેશ્યા પણ આવનાર ગ્રાહક પાસેથી કેમ વધારે પડાવી લેવું એવું જ વિચારે છે.

ખણખોદ કરી બીજાનું કાતરી લેવું એ વૃત્તિને 'ઉંદરવૃત્તિ' કહેવામાં આવે છે. વચેટિયા વચ્ચેથી ખાઈ જાય, એ ઉંદર છે.

- સુરેશ પ્રા. ભટ્ટ

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) મોડે આવેલો કોળીયો છીનવાઇ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.

વૃષભ : (બ.વ.ઉ.)સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.

મિથુન : (ક.છ.ઘ.)માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.

કર્ક : (ડ.હ.)નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.

સિંહ : (મ.ટ.)પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.

કન્યા : (પ.ઠ.ણ.)કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.

તુલા : (ર.ત.)સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.

વૃશ્ચિક :(ન.ય.)ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.

ધન : (ભ.ફ.ધ.)ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.

મકર : (ખ.જ.)ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.

કુંભ : (ગ.શ.સ.)કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે

મીન : (દ.ચ.જ.ઝ.) કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિક્ષક, ન્યાયાધીશ અને ગુજરાતના સાંસ્કૃતિક, સામાજીક જીવનના અગ્રણી શ્રી લાલશંકર ઉમિયાશંકર દવેની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૪૫માં કલોલ તાલુકાના નારદીપુર ગામમાં થયો હતો. પણ તેમનું કાર્યક્ષત્ર તો અમદાવાદ જ બન્યું.

આવા ગુજરાતના મહાન સપુત, કેળવણી-કાર, ન્યાયવિદ્ર અને સમાજસુધારક શ્રી લાભશંકર દવેનું તા. ૧૯-૧૦ -૧૯૧૨ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૫૪૬૬

સુરત ઓફીસ:- ૬ઠ્ઠાર કન્સલટન્સી

ઇ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ટેલો, મહીધરપુરા, સુરત. મો.૯૩૫૪૫૫૧૦૮

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પ્રોફેસર
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
www.nikhilbhatt.in

તા. ૨૨.૧૦.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૧૭૦૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા.૧૮.૧૦.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૬૭૨ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૧૧૫૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૬૬૬ પોઈન્ટ થી ૧૧૭૦૭ પોઈન્ટ, ૧૧૭૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા.૧૮.૧૦.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૯૧૪૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૮૦૦૯ પોઈન્ટના પ્રથમ અને ૨૮૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૯૨૯૦ પોઈન્ટ થી ૨૯૩૩૩ પોઈન્ટ, ૨૯૪૦૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૯૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ (૧૩૫૭) :- રેસ્ટોરન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૫૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૬૪ થી રૂ.૧૩૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ટાઈટલ કંપની લિ. (૧૩૦૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૮૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિ. (૪૪૭) :- રૂ.૯૨૭ નો પ્રથમ તેજર રૂ.૯૫૭ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટર સેકાલલક્ષી આ સ્ટોક રૂ.૬૬૨ થી રૂ.૭૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવાસે....!!!

અમર રાજા બેટરીઝ (૬૬૦) :- ઓટો પાર્ટસ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૮૩ થી રૂ.૬૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૫૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

M&M ફાયનાન્સીયલ (૩૧૯) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાયનાન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૩૩ થી રૂ.૩૪૦ આસપાસ નફારૂપી ધ્યાન ઉત્તમ....!!!

એપોલો હોસ્પિટલ્સ (૫૫૧૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ હેલ્થકેર સેક્ટર નો આ સ્ટોક રૂ.૫૫૩૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૪૯૪ થી રૂ.૫૪૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૫૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

હેવેલ્સ ઈન્ડિયા (૬૮૯) :- રૂ.૭૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૭૩ થી રૂ.૬૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

જસ્ટ ડાયલ (૬૩૪) : પબ્લિશિંગ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૫૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૧૬ થી રૂ.૬૦૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

સન ફાર્મા (૪૦૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૮૮ થી રૂ.૩૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૪૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

હિન્દ પેટ્રો (૩૧૪) :- રૂ.૩૩૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૪૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૯૮ થી રૂ.૨૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

ધાનેરામાં કરવાચોથે ખાસ સામુહીક પૂજા

તા.પ્રતિનિધિ ધાનેરા

ગુરુવારે સૌભાગ્યવતી મહિલાઓએ કરવાચોથ વ્રતની જિજવણી કરી પતિના દીર્ઘયુની કામના કરી હતી ત્યારે ધાનેરા ખાતે પણ વ્રતધારી મહિલાઓએ શિવ-પાર્વતીની પુજા કરી કરવાચોથ વ્રતની ઉજવણી કરી હતી. ધાનેરા ખાતે ભારત વિકાસ પરિષદ મહિલા મંડળ દવારા કરવાચોથ વ્રત નિમિતે ખાસ સમુહ પુજાનું આયોજન કરાયું હતું જેમાં એક સાથે ૨૫ થી પણ વધુ સૌભાગ્યવતી મહિલાઓએ શિવ-પાર્વતી ની પૂજા કરી પતિના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. કરવાચોથ પ્રસંગે ગુરુવારે સૌભાગ્યવતી સ્ત્રીઓએ પોતાના સુહાગના દીર્ઘયુષ્ય માટે ભગવાનને પ્રાર્થન કરી અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ તેમજ સુખ-સૌભાગ્યની કામના સાથે ચાંદના દર્શન કરી ઉપવાસ પૂર્ણ કર્યો હતો. વર્ષોજુની પરંપરા મુજબ આજે પણ કરવા ચોથના વ્રતનું અનેરું મહત્વ છે ભગવાન શિવ પાર્વતી અને કૃષ્ણ-પાંડવો સાથે સંકળાયેલી આ દંતકથા મુજબ સુહાગણ સ્ત્રીઓ આખો દિવસ ભુખ્યા તરસ્યા રહી સાંજે પૂજા કર્યા બાદ આ વ્રતની ઉજવણી કરે છે. ત્યારે ધાનેરા ખાતે ભારત વિકાસ પરિષદના મહિલા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વ્રતધારી મહિલાઓ માટે સમુહ પુજાની ખાસ વ્યવસ્થા કરાઇ હતી.ગુરુવારે સાંજે કરવા ચોથની સમુહપૂજામાં વ્રતધારી મહિલાઓએ પણ ઉમંગ સાથે ભાગ લઈ આ વ્રતના મહાત્મ્ય પર પ્રકાશ પાડ્યો હતો.

કરવા ચોથનું વ્રતમાં આખો દિવસ નકરોડો ઉપવાસ કરી પાણી પીધા વગર જ દિવસ પસાર કરવાનો હોય છે. છતાં મહિલાઓ તહેવારની જેમ આ વ્રત ઉજવે છે અને આખો દિવસ ભગવાન શિવની આરાધના કરી પરિવારની સુખ શાંતિની કામના કરે છે. સાંજે ચાંદ અને પતિના દર્શન બાદ આ વ્રત પૂર્ણ થાય છે.

ધાનેરા ખાતે વ્રતધારી મહિલાઓએ સાથે મળી સામુહિક રીતે પૂજન કરી કરવાચોથના વ્રતની ઉજવણી કરી હતી. સૌભાગ્યના પૂર્ણ પોશાડ અને શણગાર સાથે ભગવાનની પૂજા કરી પરિવાર તેમજ પતિ દેવનું આરોગ્ય સારૂ રહે તે માટે મનથી પ્રભુનું રટણ કરતી મહિલાઓએ જણાવ્યું હતું કે કરવા ચોથ વ્રતમાં ઉર્જા અને શક્તિ મળતી હોઈ આખો દિવસ ભુખ્યા તરસ્યા હોઈએ તો પણ આરામથી દિવસ પસાર થઈ જાય છે.

પાવડર ભેળવીને માવો બનાવવાના કાંડનો પર્દાફાશ

અમદાવાદ

દિવાળીના તહેવાર દરમ્યાન માવાની મઠાઈની ભોલભાલા હોય છે અને મીઠાઇ બજારમાં માવાની મીઠાઈઓની ભારે ડિમાન્ડ અને વેચાણ હોય છે ત્યારે દિવાળીના દિવસો પહેલાં જ રાજયભરમાં માવામાં ટેલ્કમ પાવડર ભેળવી લોકાના આરોગ્ય સાથે ખતરનાક ખેલ ખેલવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં મીઠી બરફીના નામે ટેલ્કમ પાવડરની ભેળસેળવાળા માવાનો મોટો જથ્થો પણ જપ્ત કરાયો છે. રાજયના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની ટીમોએ આજે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, મહેસાણા સહિતના સ્થળોએ દરોડા પાડી આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. કૌભાંડના પર્દાફાશ બાદ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ મહેસાણાના ૨૫, અમદાવાદની આઠ, ગાંધીનગરમાં છ, રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે, ભાવનગર, સુરત અને વડોદરામાં એક-એક સહિત સંખ્યાબંધ એકમો અને ફેકટરીઓ સીલ કરી દેવામાં આવી છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની આ સખત કાર્યવાહીને પગલે રાજયભરમાં બિનઆરોગ્યપ્રદ માવાઓ બનાવતાં તત્વોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

અનુસંધાન પાના નં.૬

ડીસા લીઓ સ્કૂલ ખાતે વિદાય સમારંભ યોજાયો

ડીસા

લીઓ પ્રાથમીક સ્કૂલ ડીસા ખાતે વય નિવૃત્તિ નીમ્તે પંચોલી ચીનુભાઈ બાબુલાલના વિદાય પ્રસંગનું આયોજન શાળા પરીવાર તરફથી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના આચાર્ય પ્રવિણભાઈ પઢીયાર આવેલા મહેમાનોનું પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કર્યુ. ચીનુભાઈ વિશે વિશેષ નિયમિત, ચોકસાઈ તથા અને બાળકોના અભ્યાસમાં ઓતપ્રોત રહી બાળકો સાથે ખુબજ સુંદર અભ્યાસ લક્ષી કાર્યો કર્યા છે. વિશેષ આ શાળામાં ચારસો બાળકોને દરેક બે ચોપડા તથા એક બોલપેન આપી તથા વિશેષ શાળાને સ્ટીલનો બાંકડો ભેટ આપ્યો જે ગર્વની બાબત છે. તેમજ આ પ્રસંગે સેન્ટર શાળાના આચાર્ય પ્રવિણભાઈ સાધુએ શાલ તથા શ્રીફળ આપી સન્માન કર્યુ આ પ્રસંગે તાલુકા શાળાના આચાર્ય અમૃતભાઈ દેસાઈએ તથા તાલુકા મંડળીના ચેરમેન શાન્તીભાઈ દેસાઈએ પણ શાલ તથા પુષ્પ ગુચ્છઆપી સન્માન કર્યુ તેમજ ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રીય પારીતોષિક ચિત્ર શિક્ષક)દીકરી દેવો ભવઃ ચિત્ર મોમેન્ટો તથા સન્માન પત્ર આપી વિશેષ સન્માન કર્યુ આ પ્રસંગે ત્રિકમભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, રઘુભાઈ દરજી, ચંદુભાઈ મહેતા, ત્રિભોવનભાઈ દરજી તથા વિક્રમસિંહ તથા પરાક્રમસીંહ શાળા પરીવારે શાલ તથા શ્રીફળ તેમજ ચાંદીની ગણેશભગવાનની મુર્તિ આપી વિશેષ સન્માન કરવામાં આવેલ. તેમજ આ પ્રસંગે ચીનુભાઈ પંચોલીએ જણાવ્યું કે આ મારી વયનિવૃત્તીનો પ્રસંગ મારા માટે યાદગાર છે. અને શાળાને જરૂર પડશે ત્યારે અવશ્ય આવીશ. તેમજ ચીનુભાઈના પરીવારે સન્માન કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ.

બાળલગ્ન કેસમાં સમાજ સુરક્ષા વિભાગ હરકતમાં

અમદાવાદ

દાંતા તાલુકાના ખેરમાળ ગામે અંદાજે બે માસ અગાઉ એક સગીરાના બાળ લગ્ન થયા હોવાનો વીડિયો વાઈરલ થયા બાદ હવે સમાજ સુરક્ષા વિભાગ હરકતમાં આવ્યું છે. સુરક્ષા અધિકારીએ સોળ વર્ષની સગીરાને દલાલ દ્વારા પુખ્ત વયના યુવાનને પરણાવી નામે લઈ વેચી મારવાનું કાવતરું ગણાવીને હિન કૃત્ય કરનાર સગીરાના પિતા, સગીરાને પરણાવવા માટે દલાલીનું કામ કરનાર વ્યક્તિ સહિત સગીરા સાથે લગ્ન કરનાર વિરૂદ્ધ હડાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે.

આ ફરિયાદના આધારે હવે પોલીસે પણ સમગ્ર કેસમાં તપાસનો દોર આગળ ધપાવ્યો છે. ખેરમાળ ગામની ૧૬ વર્ષીય કિશોરીને નાણાંના બદલામાં લગ્ન કરાવ્યાનો કિસ્સો સામે આવ્યો હતો. બાળ લગ્નના ફોટા અને વીડિયો વાઈરલ થતાં ભારે ચકચાર મચી ગઈ હતી. જેને પગલે સમાજ સુરક્ષા વિભાગને હરકતમાં આવવાની ફરજ પડી છે. હડાદ પોલીસ સ્ટેશનમાં સગીરાના પિતા બચુભાઈ ગમાર, દલાલ અને મદદગાર બનનાર જગમાલ બાબુ તથા સગીરાને પરણીને લઈ જનાર પુખ્તવયના યુવાન એમ ત્રણ વ્યક્તિ સામે ગુનો નોંધી ત્રણેયની ધરપકડની તજવીજ હાથ ધરવામાં આવી છે. તપાસમાં કિશોરીને અમદાવાદ શહેરના ચમનપુરા વિસ્તારમાં પરણાવી દેવામાં આવી હોવાની વાત સામે આવી હતી. જેથી અમદાવાદ મહિલા કાઈમે કિશોરીને રેસ્ક્યૂ કરવા માટે ચમનપુરા ગયા હતા. પરંતુ ત્યાં કિશોરીની સાસુ મળી આવી હતી. કિશોરી ક્યાં છે તેવું પૂછપરછ કરતા તે તેણી નણંદના ઘરે કુબેરનગરમાં રહેતી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મહિલા કાઈમની ટીમે કુબેરનગર પહોંચીને કિશોરીનું રેસ્ક્યૂ કર્યુ હતું અને તેને સીડબલ્યુસીને સોંપી હતી. આ કિસ્સાને પગલે બાળલગ્નની પ્રથાને પ્રોત્સાહન આપતાં તત્વોમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

સુરત : પુત્રના મોત બાદ થયા માતા અને પિતાનો આપઘાત

અમદાવાદ

સુરતના અલથાણ વિસ્તારમાં ચાર મહિના પહેલાં એકના એક પુત્રના મોત બાદ સતત તણાવ અને ડિપ્રેશનમાં રહેતા માતા-પિતાએ આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સુરતના અલથાણ વિસ્તારમાં આવેલી ક્રિષ્ના પેલેસમાં સવારના સમયે પતિ-પત્નીએ સામૂહિક રીતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સ્થાનિક લોકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. અલથાણ પોલીસે બનાવની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના અલથાણ વિસ્તારમાં ક્રિષ્ના પેલેસ ખાતે આત્મહત્યા કરનાર ભરત બાબુલાલ પટેલ અને તેમની પત્ની પલ્લવી ભરતભાઈ પટેલના એકના એક દીકરા પ્રેમનું ૨૨ વર્ષની વયે બ્લડ કેન્સરના કારણે ચાર મહિના અગાઉ તા.૧૬મી જૂનના રોજ અવસાન થયું હતું. એકના એક પુત્રના મોત બાદ એકલવાયું જીવન જીવતા પતિ-પત્ની સતત અને ભારે તણાવમાં રહેતા હતાં. તણાવમાં ગરકાવ બનેલા માતા-પિતાએ ડિપ્રેશનમાં આત્મહત્યાનું અંતિમ પગલું ભર્યુ હોવાનું પોલીસ પ્રાથમિક તપાસમાં માની રહી છે. પોલીસે તપાસ કરતાં એક સુસાઈડ નોટ મળી હતી. સુસાઈડ નોટમાં મૃતકોએ પોતાની મરજીથી આપઘાત કર્યો હોવાનું તથા દીકરાના મોત બાદ એકલતા અનુભવતા હોવાનું અને મોત બાદ અંગદાન કરી દેવાનો ઉલ્લેખ પણ કર્યો છે. પાટણના ગજા ગામના વતની ભરતભાઈ બાબુલાલ પટેલ ભટાર સર્વોદય સ્કૂલ સામે જવેલરી શોપ ચલાવતા હતાં. મંદીના કારણે છેલ્લા એકાદ વર્ષથી જ્વેલરીની શોપ બંધ રાખતાં હતાં. ભરતભાઈએ આપઘાત કરતાં અગાઉ દિકરાને ફેસબુકમાં શ્રધ્ધાંજલિ આપી હતી. દિકરાના ફોટો પર ૪થી માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ એવું લખ્યું હતું. દિકરાનું મોત તા.૧૮મી જૂન અને પિતા અને માતાએ પણ રાત્રિના એક વાગ્યે પોસ્ટ કર્યા બાદ આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા સાથે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી.

ડીસાના પ્રજાપતિ આગેવાનની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સદસ્ય તરીકે નિયુક્તિ

ડીસા

અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘની ચૂંટણી સંદર્ભે તા.૨૪ ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ. એક રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના વિવિધ પદો માટેનો શપથ ગ્રહણ સમારંભ યોજાયો હતો. જેમા બનાસકાંઠાના ડીસા ખાતે રહેતા શંકરલાલ ગંગારામ પ્રજાપતિને સમાજ પ્રત્યેની તેમની ઉમદા સેવાઓ અને ભાવનાઓને ધ્યાને રાખી તેમની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સદસ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. જેને લઈ સમગ્ર પ્રજાપતિ સમાજમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

દિયોદર તાલુકાના મગાપૂરા (ઓગડપુરા) ગામે ઠાકરથાળી યોજાઈ

નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના મગાપ-રા (ઓગડપુરા) ગામે સંવત ૨૦૭૫ આસો વદ ૩ ને તા. ૧૭/૧૦/૨૦૧૯ ના રોજ ઠાકોર તરસંગજી મગાજી ઠાકોર, પ્રતાપજી મગાજી ઠાકોર, માલાજી મગાજી ઠાકોર, કાનજીજી મગાજી ઠાકોર, સલાજી વગેરે સંતશ્રી એકમનાથ ભગતની તિથિ નિમિત્તે ઠાકર થાળીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રાત્રે દિયોદર આશ્રમ નંદિ સાહેબ કુવાળા વિશારામ સાહેબ (લુદરા) ડાયારામ સાહેબ (લુદરા) હેમસી સાહેબ (લુદરા) જયરાજ મહારાજ (મીઠા) વાલદાસ બાપુ (મીઠા) ચમનદાસ બાપુ ઓગડપુરા વાલદાસ બાપુ ગા-ગુલ રાયચંદાસ બાપુ ભડકાસર કાંકજીરામ બાપુ વગેરે સંતો મહંતો તેમજ આજુબાજુના ગામમાંથી પધારેલા ભજનીક ભક્ત મંડળ દ્વારા મોડીસ રાત્રી સુધી ભજન સંતવાણી કરવામાં આવેલ.

કડવા ચોથ....

કંચનબા ઠાકોર

આસો વદ ચોથના રોજ ભારતીય આર્ય સંસ્કૃતિની પરંપરા મુજબ સૌભાગ્યવતી મહિલાઓ પતિના દીર્ઘયુષ્ય અને પરિવારની ખુશાલી માટે કડવા ચોથનું વ્રત રાખે છે. જેમાં સુર્યોદયથી લઈને આખો દિવસ નકરોડો ઉપવાસ રાખી રાત્રે ચાંદ ઉગ્યા બાદ તેની અને પતિની પૂજા કર્યા બાદ વ્રત છોડે છે. ભીલડીના વિજયસિંહ રાઠોડના ધર્મ પત્નીએ પણ પરંપરાગત રીતે કડવાં ચોથના વ્રતની હરખભેર ઉજવણી કરી હતી.

૨૧ ઓક્ટોબર થી ૪ નવેમ્બર ૨૦૧૯ સુધી બીચ ફેસ્ટીવલ યોજાશે

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા બીચ ટુરિઝમને વિકસાવવા માટેનો અનોખો પ્રયાસ

ગાંધીનગર

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા તારીખ ૨૧ ઓક્ટોબર થી ૪ નવેમ્બર સુધી માધવપુર, માંડવી (કચ્છ) અને તીથલ ખાતે 'બીચ ફેસ્ટીવલ – ૨૦૧૯'નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બીચ ફેસ્ટીવલને ૨૧ ઓક્ટોબરના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્રવાસીઓ માટે ત્રણેય સ્થળો ખાતે ખુલ્લો મુકવામાં આવશે. માધવપુર ખાતે રાજ્યના પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા, માંડવી (કચ્છ) ખાતે રાજ્ય પ્રવાસન મંત્રી વાસણભાઈ આહિર અને તીથલ ખાતે વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યમંત્રીશ્રી રમણભાઈ પાટકર બીચ ફેસ્ટીવલને ખુલ્લો મુકશે.દિવાળી વેકેશનમાં પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન વિભાગ દ્વારા બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યના દરિયાકિનારે રમણીય પ્રવાસન સ્થળોને વિકસાવવામાં આવી રહ્યા છે. ગુજરાતના તમામ બીચ પર તેનું અલાયદું કુદરતી સૌંદર્ય જોવા મળે છે.

બીચ ફેસ્ટિવલમાં પ્રવાસીઓ આસપાસનાં સ્થળોને સાથે રાખીને સર્કિટ બનાવી પોતાના પ્રવાસ પેકેજ બનાવી શકશે. બીચ ફેસ્ટિવલમાં આવનારા પ્રવાસીઓ માધવપુરની આસપાસ સોમનાથ મંદિર, પોરબંદર ખાતે કીર્તિ મંદિર સહિતનાં જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ શકે છે. જ્યારે માંડવી બીચની મુલાકાત લે

ધાનેરાની વક્તાપુરા શાળાના આચાર્ય સામે ગંભીર આક્ષેપો

ગ્રામજનો દ્વારા સત્વરે બદલીની માંગ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાની વક્તાપુરા પ્રાથમીક શાળાના આચાર્ય સુરેશભાઈ ગોરધનભાઈ દરજી પર મનસ્વી વહીવટ તથા ગામમાં કાવા દાવા કરવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ તાલુકામાં અરજી કરી હતી.

જે અરજી કર્યા ને પાંચ પાંચ દિવસનો સમય થવા છતાં વહીવટી તંત્ર દ્વારા કોઈ તપાસ કરવામાં ન આવે તો ગ્રામજનોએ બળાપો કાઢી મુખ્યમંત્રી ને અરજી કરી તેમની બદલી કરવાની માંગ કરી વધુમાં આચાર્યને ફક્ત ગ્રાન્ટમાં જ રસ છે. વિદ્યાર્થીઓ ને ભણાવવામાં તથા શાળાના શિક્ષકોમાં સંતુલન રાખી શકતા ન હોઈ બાળકો ઉપર અસર પડતાં શિક્ષણ કથળ્યું છે. જો યોગ્ય કાર્યવાહી નહી થાય તો ગ્રામજનો એ આચાર્ય વિરૂધ્ધ આંદોલન છેડશે તેમ ઉમેર્યું હતું. આ બાબતે ટી.પી.ઓ. ભગવાનભાઈનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે ગ્રામજનો દ્વારા અરજી આવેલ છે અને તેની તપાસ ચાલુ છે.

છત્રાલા સરકારી માધ્યમીક શાળામાં ઉજાશ ભણી કાર્યક્રમ યોજાયો

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના છત્રાલા ગામની સરકારી હાઈસ્કૂલ ખાતે ઉજાસ ભણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભીલડી પોલીસ સ્ટેશનના ઉત્સાહી પી.એસ.આઈ. એસ.વી.આહીર તેમના સ્ટાફ સાથે ખાસ ઉપસ્થિત રહી. સ્વાસ્થ્ય લગતી અને કાયદા, કાનુન વિશે વિસ્તૃત સમજ આપી હતી. આંગણવાડી, કાર્યકર કેશરબેન વાઘેલાએ આંગણવાડીમાં આવતા બાળકો અને કિશોરીઓના પોષણને લગતી માહીતી આપી હતી. અને સ્વચ્છતાને લગતી પણ સમજ આપી હતી. ગામના ઉપસરપંચ તેમજ ગામના અગ્રણી કાર્યકર વિક્રમસિંહ સોલંકી ઉપસ્થીત બાળકોને કાર્યક્રમમાં થયેલ ચર્ચાઓનો અમલ કરવા અપીલ કરી હતી. શાળાના આચાર્ય કૈલાસભાઈ, ઉ.શિ.વૈશાલીબેન ઉપ સરપંચ લાખાભાઈ વિગેરે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. અંતમાં આભાવિધિ વિક્રમસિંહ સોલંકીએ કરી હતી.

અમદાવાદની સ્કૂલોમાં ચોરી કરતા બે શખ્સો પકડાઈ ગયા

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરતા દાહોદના બે શખ્સોની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. બંને આરોપીઓ દિવસ દરમિયાન મજૂરી કામ કરી રાત્રિના સમયે શહેરની જુદી જુદી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરતા હતા. પોલીસે બંને આરોપીઓ સામે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે આરોપી ઉમેશ ઉર્ફે કાળું કટારા અને મનીષ સંગાડીયા (બંને. રહે જિ. દાહોદ)ને ઝડપી રોકડ રૂ. ૯૬૦૦, ડિસમિસ તેમજ અન્ય સાધન કબ્જે કર્યા હતા. બંને આરોપીઓએ કૃષ્ણનગર, નરોડા, નિકોલ, ઓઢવ

અનુસંધાન પાના નં.૬

થરાદના બસસ્ટેશનમાં ખુલ્લા ખાડામાં વાછરડી પટકાઈ

ખાડો ડેપોના કંપાઉન્ડમાં જ આવેલ હોઈ મુસાફરોને જાનનું જોખમ

(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદમાં ડેપોના શૌચાલયના શોષકુવાના જર્જરીત ઢાંકણાને લઈને મુસાફરો માટે ચિંતાની લાગણી ફેલાવા પામી છે. બસસ્ટેશનની બાજુમાં જ આવેલા શોષકુવાનું ઢાંકણું તુટેલી હાલતમાં હોવાના કારણે જાણે અજાણ્યે રાત્રે કે દિવસે પણ કોઈ મુસાફરનો પગ અનાયાસે તેમાં પડે તો તેની સાથે અકસ્માત સર્જાવાની દહેશતથી રાહદારીઓમાં ફફડાટની લાગણી ફેલાવા પામી છે.

શોષકુવો ઢાંકણ તુટવાના કારણે અડધો ખુલ્લો થવા પામ્યો છે. આથી મુસાફરો સાથે જાણતાં અજાણતાં કોઈ આકસ્મિક દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા તેને નવું ઢાંકણું લગાવીને કવર કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડેપોમાં અવરજવર કરતા મુસાફરો કે વિદ્યાર્થીઓની ભીડ વચ્ચે કોઈ પણનો પગ ચાલતાં કે દોડતા ભુવા પાસેથી લપસી પડવાથી તેમના માથે જોખમ રહેલું છે. આ દહેશતથી ફફડાટની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. આ અંગેના અહેવાલ અગાઉ પ્રસિધ્ધ કરવા છતાં પણ તંત્રએ પગલાં નહી લેતાં તેમાં એક વાછરડી પટકાઈ હતી. જો કે મુસાફરોએ તેને બહાર કાઢી હતી.

બાળકને યોગ્ય માર્ગદર્શન ના મળે તો પરિસ્થિતિ વિસ્ફોટક પુરવાર થઈ શકે : ડો.ભરત મકવાણા

ડીસા લાયન્સ કલબ દ્વારા શિક્ષકો સાથે ક્વીસ્ટ યોજાઈ

ડીસા

આદર્શ શાળા સંકુલ ખાતે લાયન્સ કલબ ઓફ ડીસા દ્વારા યોજાયેલ લાયન્સ ક્વેસ્ટ વાર્તાલાપ દરમિયાન ડોક્ટર ભરત મકવાણાએ જણાવ્યું હતું કે બાલ્યાવસ્થા અને યુવાવસ્થા વચ્ચેના સમય દરમિયાન જો બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવામાં ન આવે અથવા તો બાળકના પ્રશ્નો અને સમસ્યાઓનું યોગ્ય સમાધાન કરવામાં ના આવે તો પરિણામ વિપરીત આવી શકે છે.

૧૯૯૫માં અમેરિકાના રીક નામના બાળકના મનમાં અનેક પ્રશ્નો અને સમસ્યાઓ ઉદભવી. તેમણે તેની ઉંમરના ૨૦૦૦ બાળકોનું સર્વે કર્યું તે તમામ બાળકોના પ્રશ્નોની નોંધ બનાવી. તજ્ઞો પાસેથી તેના સમાધાન અને ઉત્તરો મેળવી ૨૦૦૦ બાળકો ના જીવનમાં અદભુત ક્રાંતિ સર્જી. તેનું આ કાર્યક્રમ પાછળથી લાયન્સ ઈન્ટરનેશનલના લાયન્સ ક્વેસ્ટ કાર્યક્રમમાં પરિણમ્યો. આજ સુધી વિશ્વના ૧૦૫ દેશોમાં ૪૦ ભાષાઓમાં લગભગ ૨૦ મિલિયન ડોલરના આર્થિક સહયોગથી લાયન્સ ઈન્ટરનેશનલ વિશ્વના બાળકોના જીવનમાં વિશિષ્ટ પરિવર્તન આવ્યું. ડીસા ખાતે આદર્શ શાળા સંકુલમા યોજાયેલા કાર્યક્રમમાં શાળાના પ્રધાનાચાર્ય હસુમતીબેન સહાયતાએ કાર્યક્રમમાં સૌને ભાવપૂર્વક પૂર્વક સત્કાર્યા હતા. શાળા પરિવાર વતી ઉપસ્થિત ચિત્રા લાખીયા, અતુલ લાખીયા, જયંત સોની, ડોક્ટર ભરતભાઈ મકવાણા, હિતેશભાઈ વકીલ, જે.બી. રાજગોર, રોહિત મહેતા વિગેરેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અમદાવાદથી ખાસ ઉપસ્થિત ચિત્રા લાખીયા એ ઉપસ્થિત તમામ શિક્ષકાઓને લાયન્સ ક્વેસ્ટ તાલીમ અંગે વિસ્તૃત સમજ આપી હતી.

લાયન્સ ક્વેસ્ટના તાલીમાર્થી બાળકોના જીવનમાં ચમત્કારિક પરિણામો આ અંગેની વાત પણ તેમણે જણાવી હતી. આદર્શ હાઈસ્કુલના બાળકો અંગે બોલતા તેમણે જણાવું હતું.

અનુસંધાન પાના નં.૬

ધાનેરા નગરપાલિકા ખાતે પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સેવાસેતુમાં ભાજપના એકપણ અગ્રણી કે સદસ્ય હાજર ન રહેતા અનેક તર્ક વિતર્ક

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા નગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલિકાના સદસ્ય અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

બધી જ સુવિધા લોકોને એક જ જગ્યાએ મળી રહે તે માટે સરકાર દ્વારા સેવાસેતુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અને સેવાસેતુ કાર્યક્રમ શહેરી વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવે છે અને સેવાસેતુ કાર્યક્રમ માં વિવિધ કચેરીના અધિકારીઓ હાજર રહી લોકોના પ્રશ્નોનો તાત્કાલિક નિરાકરણ લાવે છે ત્યારે આજે ધાનેરા શહેર ક્લાનો નગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતોતો બીજી તરફ ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા લોકોના હિત માટે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા અને સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ધાનેરામાં લોકો માત્ર આધાર કાર્ડ માટે કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ લોકોના આધાર કાર્ડના પ્રશ્નો નું નિરાકરણ નથી આવતો આજે અહીયા પણ આધાર કાર્ડ વિભાગ માંથી એક પણ કર્મચારી હાજર નથીભાજપ સરકાર દ્વારા લોકો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે આજના સેવાસેતુ કાર્યક્રમમાં ભાજપના એક પણ અગ્રણી પાલિકાના સદસ્ય ના જોવા મળતા લોકોમાં અનેક તર્ક-વિતર્ક જોવા મળ્યા હતા આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ યુસુફખાન પઠાણ ચીફ ઓફિસર સદામ અન્સારી પાલિકા પૂર્વ પ્રમુખ બળવતજી બારોટ બાંધકામ સમિતિના ચેરમેન જયેશભાઈ સોલંકી કારોબારી સમિતિના ચેરમેન ઈશ્વરભાઈ ચૌધરી નાયબ મામલતદાર મોડસિંહ રાજપુત સહિત કોંગ્રેસ પક્ષના પાલિકા સદસ્યો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

થરાદ પોલીસે ચોખાના કટ્ટાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂ ઝડપ્યો

(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગ્ગલેની જીલ્લામા દારૂની પ્રવૃત્તીને સંપુર્ણ ડામવાની સુચના તથા માર્ગદર્શન હેઠળ વિભાગીય પોલીસ અધિક્ષક એસ.કે.વાળા સાથે થરાદ પો.સ્ટે. ના પો.ઈન્સ જે.બી.આચાર્ય તથા પો.સ.ઇ એલ.પી.રાણા અને પો.સ.ઇ કે.જી.પરમાર સાથે પોલીસ સ્ટાફના માણસો તથા જી.આર.ડી.ના સભ્યોએ ખોડા ચેક પો.સ્ટે ખાનગી બાતમી આધારે વોચ દરમ્યાન ટ્રેલર નંબર પીબી.૧૧. સીજે. ૪૭૭૯માં ખોટી નંબર પ્લેટ નંબર પીબી.૧૧. સીજે.૪૩૧૧ વાળી બનાવી સાચા તરીકે ઉપયોગમાં લઈ ચોખાના કટ્ટાની ઓથે સંતાડી લઈ જવાતો પરપ્રાતીય દારૂ બોટલ નંગ ૯૫૦૬ કુલ કિમત રૂા. ૪૬,૫૪,૮૦૦/- નો તથા મોબાઈલ કિં.રૂ. ૫૦૦/- તથા ટ્રેઈલર કિં.રૂા. ૧૦,૦૦,૦૦૦/- તથા બારમતી ચોખાના કટ્ટા ૬૩૦ કિં.રૂ ૭,૫૬,૦૦૦/- મળી કુલ રૂા. ૬૪,૧૧,૩૦૦/- ના મુદ્દામાલ સાથે ચાલક રૂલધુસિંગ બુટાસીંગ મજબી ઉ.વ-૩૪ શીખ રહે-જવાહરસીંગવાલા તા-નિહાલસિંગ વાલા જીલ્લો- મોગા (પંજાબ) વાળાને પકડી પાડી તથા મદદગારી કરતા આરોપી વિરૂધ્ધ મોટીબીશન એકટ તથા ખોટી નંબર પ્લેટનોનો ખરા તરીકે ઉપયોગ કરતા ૯૫૫,૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

રાજ્યના ઘણા મહાનગરમાં ડેંગ્યુનો હાહાકાર ફેલાયો

અમદાવાદ

જામનગર સહિત ગુજરાતમાં રોગચાળો વકરી ગયો છે. ખાસ કરીને ડેંગ્યુએ જામનગર સહિતના મહાનગરોમાં હાહાકાર મચાવી દીધો છે. તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતિ અપેક્ષા મુજબ કાબૂમાં આવી રહી નથી. જામનગરમાં સ્થિતિ એ છે કે, દરરોજ નવા ૫૦થી વધુ ડેંગ્યુના કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. જામનગરમાં ડેંગ્યુથી ૧૧ના મોત થઈ ચુક્યા છે. બીજા બાજુ ૬૦૦થી વધુ કેસ ટૂંકાગાળામાં જ નોંધાઈ ચુક્યા છે. રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરામાં પણ ડેંગ્યુએ આતંક મચાવ્યો છે. મચ્છરજન્ય રોગ બેકાબૂ છે. અમદાવાદમાં પણ ડેંગ્યુએ જોરદાર આતંક મચાવી દીધો છે. ડેંગ્યુ મોતને લઈને જે આંકડા વિરોધાભાષી આવી રહ્યા છે તેનાથી ચિંતા વધારે ફેલાઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં મુખ્ય સચિવ જયંતિ રવિના કહેવા મુજબ ગાંધીનગરમાં ગયા વર્ષની સરખામણી કરવામાં આવે તો ચિત્ર સ્પષ્ટ થાય છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે રોગચાળાના કેસોમાં ૪૮.૩ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો પહેલી જાન્યુઆરીથી ૧૪મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં ૫૯૬૧ ડેંગ્યુના કેસો અને ૩૫૯૩૨ શંકાસ્પદ ડેંગ્યુ કેસો નોંધાઈ ચુક્યા છે. જામનગરમાં સપ્ટેમ્બર બાદથી ૧૧ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો અહીં પણ હાલત ક્કોડી બનેલી છે. અમદાવાદમાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. રોગચાળાને રોકવા માટે ફોગિંગ સહિતની પ્રક્રિયાને વધુ તીવ્ર કરવામાં આવી ચુકી છે. જામનગર ઉપરાંત રાજ્યના અન્ય ભાગોમાં ડેંગ્યુના નવા મામલા સપાટી ઉપર આવ્યા હતા. જામનગરમાં મોતના આંકડાને લઈને ભારે વિરોધાભાષીની સ્થિતિ પ્રવર્તી રહી છે. સરકારના કહેવા મુજબ આઠ લોકોના મોત થયા છે જ્યારે જામનગરમાં ૧૧ના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ડેંગ્યુએ જોરદાર આતંક મચાવતા કાબૂ બહાર સ્થિતિ થઈ છે. એકલા સપ્ટેમ્બર મહિનામાં જ ૬૦૦૦ જેટલા ઈન્ડોર દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. હાલમાં જામનગરની ખાનગી હોસ્પિટલમાં ૫૦૦થી પણ વધુ દર્દીઓ સારવાર હેઠળ હોવાના અહેવાલ મળ્યા છે. જિલ્લામાં વધારે પડતા વરસાદના કારણે પણ ચિંતાજનકરીતે કેસોની સંખ્યા વધી છે. તમામ લોકો જાણે છે કે, મોનસુનની વર્તમાન સિઝનમાં જામનગરમાં સૌથી વધારે વરસાદ થયો છે. જામનગરમાં આ સિઝનમાં ૧૧૨૧ મીમી સુધીનો વરસાદ થયો છે. એટલે કે સામાન્ય વાર્ષિક સરેરાશ કરતા ૧૮૨ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં મોસ્કિટો બ્રિડિંગ સ્થળો મળી આવ્યા છે. અમદાવાદ શહેરમાં પણ સ્થિતિ એકદમ સારી દેખાઈ રહી નથી. પહેલી જાન્યુઆરીથી લઈને ૧૫મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં અમદાવાદ અને જામનગર મ્યુનિ સત્તાવાળાઓએ મોતના અહેવાલને સમર્થન આપ્યું છે.

કયા સમયે શું ભુલ થઈ તે બાબત યાદ રાખવાની જરૂર : સીતારામન

નવીદિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર આજે આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, કોઈ ખાસ અવધિમાં ક્યારે શું થયું અને ક્યારે ભુલો થઈ તે બાબતને હંમેશા યાદ રાખવાની હોય છે. પૂર્વ વડાપ્રધાનના આક્ષેપના જવાબમાં સીતારામને આજે આ મુજબની વાત કરી હતી. મનમોહનસિંહે ગઈકાલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, મોદી સરકાર હંમેશા પોતાના હરીફો ઉપર દોષારોપણ કરવાના પ્રયાસ કરે છે. આના જવાબમાં નિર્મલા સીતારામને આજે વળતા પ્રહાર કર્યા હતા. મનમોહનસિંહે ગઈકાલે કહ્યું હતું કે, પોતાના શાસનમાં નબળાઈઓ હોવાની વાત ભાજપ સરકાર સ્વીકારતી નથી. મોદી સરકાર સરકારને દરેક આર્થિક સંકટ માટે યુપીએ સરકાર ઉપર દોષ આપવાનું દેખાય છે. કારણ કે સમાધાન કાઢવા માટે પાંચ વર્ષનો સમય પુરતો હોય છે. સીતારામન આના જવાબમાં કહ્યું હતું કે, તેઓ આક્ષેપ પ્રતિઆક્ષેપમાં પડવા માંગતા નથી. મનમોહનસિંહનું તેઓ સન્માન કરે છે પરંતુ ઠોઠપણા સમયે ભુલ કરેલી બાબતોને યાદ રાખવી જોઈએ. બીજી બાજુ મનમોહનસિંહના જવાબમાં આજે સીતારામને આજે ફરી એકવાર પોતાની પ્રતિક્રિયા આપી હતી. સીતારામનની આ ટિપ્પણીને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મનમોહનસિંહે ગઈકાલે કહ્યું હતું કે, અમને પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર બનવા માટે ૧૦થી ૧૨ ટકાના ગ્રોથ રેટ સાથે આગળ વધવાની જરૂર છે. જો કે ભાજપના શાસન કાળમાં દર વર્ષે વિકાસનો દર તો નીચે પહોચી રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે આઈએમએફે કહ્યુ છે કે આ વર્ષે ભારતનો વિકાસ દર કેટલાક મહિના પહેલા લગાવવામાં આવેલા ૭.૩ ટકાના અંદાજ કરતા માત્ર ૬.૧ ટકા રહી જશે. દર વર્ષે નીચે જઈ રહેલા વિકાસ દરના કારણે તેઓ માને છેકે વર્ષ ૨૦૨૪ સુધી અમારી અર્થવ્યવસ્થા પાંચ ટ્રિલિયન ડોલરના લક્ષ્યાંકને પહોંચી શકશે નહીં. મનમોહન સિંહે આજે મોદી સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કરે ભાજપ દ્વારા વોટ મેળવી લેવા માટે કરવામાં આવેલા ડબલ એન્જિનનુ વચન સંપૂર્ણ રીતે ફ્લોપ છે. મહારાષ્ટ્ર હાલમાં ગંભીર આર્થિક સંકટ હેઠળ છે. મનમોહનસિંહે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે સુશાસન માટેના ખુબ લોકપ્રિય ડબલ એન્ન મોડલ ફ્લોપ છે. અમેરિકા સાથે વેપાર મતભેદો ઓછા થઈ રહ્યા છે. ટૂંક સમયમાં જ વેપાર સમજૂતિ થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે.

તહેવારને ધ્યાનમાં રાખીને નિર્ણય

જીટીયુની પરીક્ષાઓ પાછી ઠેલવવાનો નિર્ણય

અમદાવાદ

જીટીયુએ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કર્યો છે. દીવાળી વેકેશનમાં યોજનારી પરીક્ષાઓ પાછળ ઠેલવાનો મહત્વનો નિર્ણય જીટીયુ સત્તાધીશો દ્વારા લેવામાં આવ્યો છે. જેના કારણે હવે વિદ્યાર્થીઓ દિવાળી વેકેશનનો લાભ માણી શકશે. દિવાળી બાદ હવે આ પરીક્ષાઓ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, જીટીયુ દ્વારા અગાઉ દિવાળીના પર્વ દરમ્યાન જ પરીક્ષા જાહેર કરાતા તેનો વિરોધ ઉઠ્યો હતો. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સાથે સાથે વિદ્યાર્થી સંગઠનો દ્વારા પણ આ પ્રકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેથી ઉઠેલા ભારે વિરોધ બાદ જીટીયુએ આખરે પરીક્ષા પાછી ઠેલવાનો નિર્ણય કર્યો છે. આગામી તા.૨૫ ઓક્ટોબરથી તા.૧૨ નવેમ્બર સુધી વિદ્યાર્થીઓને દીવાળી વેકેશનનો વિદ્યાર્થીઓને લાભ મળશે. તો તા.૩ નવેમ્બરથી શરૂ થતી થિયરીની પરીક્ષા હવે તા.૨૧ નવેમ્બરથી શરૂ થશે. બીજા તબક્કાની પ્રેક્ટીકલ પરીક્ષા તા.૧ નવેમ્બરને બદલે તા.૧૪ નવેમ્બરથી શરૂ થશે. જ્યારે સેમેસ્ટર ૪ અને ૬ ની રેમેડિયલ પરીક્ષા તા.૭ નવેમ્બરને બદલે તા.૭ ડિસેમ્બરથી શરૂ થશે. આમ, જીટીયુ સત્તાવાળાઓના છેલ્લી ઘડીયે કરાયેલા આ ફેરફારના કારણે વિદ્યાર્થીઓ હવે પરીક્ષાના ટેન્શન કે તાણ વિના દિવાળીના તહેવાર અને વેકેશનને મોજ માણી શકશે.

૨૧મી ઓક્ટોબરના દિવસે પેટાચૂંટણી માટે મતદાન થશે

ગુજરાતમાં છ સીટની પેટાચૂંટણીને લઇને પ્રચાર ચરમસીમા ઉપર

જીતવા માટે ભાજપ-કોંગ્રેસે સંપૂર્ણ તાકાત લગાવી : ભાજપના ગઢમાં ગાબડા પાડવા કોંગ્રેસ સજ્જ : ૧૧ દસ્તાવેજો પૈકી કોઈ એક સાથે મતદાન થઈ શકશે

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની પેટાચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમા પર પહોંચી ચુકી છે. ગુજરાતમાં પણ ૨૧મી ઓક્ટોબરના દિવસે છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન યોજાનાર છે. બેઠકો પર જીત મેળવવા માટે ભાજપ અને કોંગ્રેસે સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ અને સંપૂર્ણપણે સપાટો બોલાવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી સામે તમામ છ બેઠકો જાળવી રાખવા માટે દબાણ રહેશે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડા પાડવા માટે લડાયક છે. લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીના પરિણામો હંમેશા જુદા પ્રકારના રહે છે. આ બાબતની નોંધ લઈને કોંગ્રેસ પાર્ટીએ પણ તમામ તાકાત લગાવી દીધી છે. બંને પાર્ટીઓ દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ મતદારો પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરીને પસંદગીના ઉમેદવારને જીત અપાવવા માટે ઉત્સુક બન્યા છે. વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે અને આવતીકાલે ચૂંટણી પ્રચારનો અંત આવશે. વિધાનસભા અને લોકસભા સામાન્ય ચૂંટણી કે પેટા ચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ રજુ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહે છે. ભારતનાં ચૂંટણી આયોગે તેઓના તા. ૧૨/૧૦/૨૦૧૯ના પત્રથી સ્પષ્ટ કર્યુ છે કે, રાજ્યમાં તા.૨૧/૧૦/૨૦૧૯ના રોજ યોજનાર ૦૮-થરાદ, ૧૬-રાધનપુર, ૨૦-ખેરાલુ, ૩૨-બાયડ, ૫૦-અમરાઈવાડી તથા ૧૨૨-લુણાવાડા વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી-૨૦૧૯માં ફક્ત 'ફોટો સાથેની મતદાર કાપલી' એકલી મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવા ઉપયોગમાં લઈ શકાશે નહી. મતદારો મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં નીચે જણાવ્યા મુજબનાં ૧૧ દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરી મતદાન કરી શકશે એમ, રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે. જે અગિયાર દસ્તાવેજો પૈકી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરવાના છે, એમા પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, કેન્દ્ર/ રાજ્ય સરકાર, જાહેર સાહસ, પબ્લિક લીમીટેડ કંપનીઓ તરફથી તેમના કર્મચારીઓને આપવામાં આવતા ફોટા સાથેના ઓળખકાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક, પાન કાર્ડ, નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર હેઠળ આરજીઆઈ દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ, એમએનઆરઈજીએ હેઠળ આપવામાં આવેલ જોબ કાર્ડ, શ્રમ મંત્રાલય તરફથી આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના ફોટા સાથેના સ્માર્ટ કાર્ડ, ફોટા સાથેના પેન્શન દસ્તાવેજો, સંસદ સભ્યો/વિધાનસભ્યો/ વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવેલ અધિકૃત ઓળખકાર્ડ અને આધારકાર્ડનો સમાવેશ થાય છે. બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી થયેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત "અસલ પાસપોર્ટ" રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે એમ વધુમાં જણાવાયું છે.

તંત્રી સ્થાનેથી...

જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.

ફૈસલાની ઘડી

અયોધ્યા કેસની સુનાવણી નક્કી સમયમાં પૂરી થવાની સાથે જ સદીઓ જૂના આ વિવાદના સમાધાનની આશા વધી ગઈ છે. જોકે આ કેસની સુનાવણી કરી રહેલ બંધારણીય પીઠમાં સામેલ મુખ્ય ન્યાયાધીશ ૧૭ નવેમ્બરે નિવૃત્ત થવાના છે, તેથી તેના પહેલાં ચુકાદો આવવાનો છે. આ મામલે ચુકાદો જે આવે તે, તેની અવગણના ન કરી શકાય કે એક સમયે એ ધારણા બની રહી હતી કે સુપ્રીમ કોર્ટ રાજકીય અને સામાજિક રૂપ સંવેદનશીલ આ પ્રકરણની સુનાવણી કરવાથી બચવા માંગી રહી છે. લાંબી રાહ જોયા બાદ સુપ્રીમ કોર્ટે એ ધારણાને દૂર કરતાં આ કેસની સુનાવણી કરવાનો ફૈસલો કર્યો અને તેણે દિન-પ્રતિદિન સુનાવણી કરી. રાષ્ટ્રીય મહત્ત્વની બાબતોની સુનાવણીમાં એવી જ તત્પરતાનો પરિચય આપવો જોઈએ, કારણ કે એક મોટી સંખ્યામાં લોકો ચુકાદાની રાહ જોઈ રહ્યા હોય છે. આ કેસમાં તો ચુકાદાની રાહ આખો દેશ જ કરી રહ્યો છે.

બહેતર થાત કે અયોધ્યા કેસ અદાલતના ઉંબરે ચઢ્યો જ ન હોત, પરંતુ જ્યારે પરસ્પર વાતચીતથી કેસ ઉકેલવાની કોશિશ નિષ્ફળ રહી ત્યારે આના સિવાય બીજો કોઈ ઉપાય જ નહોતો રહ્યો કે અદાલત પોતાનો ચુકાદો આપે. ભલે દુનિયાની નજરમાં આ મામલો જમીનના એક ટુકડાના માલિકી હક્કની લડાઈ હોય, પરંતુ સચ્ચાઈ એ છે કે આ આસ્થા સાથે જોડાયેલ સવાલ પણ છે. એમ તો અદાલતો આસ્થા સાથે જોડાયેલ કેસોનો ફૈસલો આસાનીથી નથી કરી શકતી, પરંતુ સૌભાગ્યે આ મામલે એવા પુરાવા ઉપલબ્ધ છે, જે ચુકાદાને દિશા આપવાનું કામ કરશે. તેમાં સૌથી ઉલ્લેખનીય છે પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગનો એ રિપોર્ટ, જે અયોધ્યામાં વિવાદિત સ્થળ પર કરવામાં આવેલ ઉત્ખનન પર આધારિત છે. તે ઉપરાંત અન્ય અનેક મહત્ત્વપૂર્ણ પુરાવા પણ છે. હવે જ્યારે એ સ્પષ્ટ છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આ જ પુરાવાઓ પર આધારિત હશે, ત્યારે તમામ પક્ષોએ તેનું સન્માન કરવા માટે તૈયાર રહેવું જોઈએ. યોગ્ય રહેશે કે બંને પક્ષ તેના માટે માહોલ બનાવે કે જે પક્ષ ચુકાદો આવે તેને બધા સ્વીકાર કરે. આખા દેશનું ધ્યાન ખેંચનાર અયોધ્યા કેસની સુનાવણી દરમ્યાન બંને પક્ષો તરફથી જે તમામ દલીલો કરવામાં આવી તેનાથી એ તો સંકેત મળ્યો કે કોણ કેટલા મજબૂત પરાતલ પર છે, પરંતુ તેના આધાર પર નિષ્કર્ષ કાઢીને પોતપોતાના પક્ષમાં દાવા કરવાનો કોઈ મતલબ નથી. આ સમય કોઈપણ પ્રકારની દાવેદારી વ્યક્ત કરવાનો નથી, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સન્માન થાય. નિઃસંદેહ એ સુનિશ્ચિત કરવાની જવાબદારી તેમની વધારે છે, જે અયોધ્યા કેસની સુનાવણી સાથે જોડાયેલા રહ્યા છે.

નવા મહત્વકાંક્ષી જળવાયુ પરિવર્તન યોજનાના ભાગરૂપે વોલ્વો કાર કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે

નવી દિલ્હી

વોલ્વો કાર્સે આજે ઓટોમોટિવ ઉદ્યોગમાં એક સૌથી મોટી મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરી છે, જેમાં લક્ષ્યાંક મુકાયો છે કે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ના સમયગાળાની વચ્ચે તેમની કાર પોતાના જીવનચક્ર દરમિયાન કાર્બન ઉત્સર્જનમાં ૪૦ ટકાનો ઘટાડો કરશે. વોલ્વો કારને વર્ષ ૨૦૪૦ સુધીમાં હવામાન તટસ્થ કંપની બનવાની મહત્વાકાંક્ષાની દિશા તરફનું આ પ્રથમ પગલું છે.આ યોજના વર્ષ ૨૦૧૫ના ગ્લોબલ પેરિસ કલાયમેટ એગ્રિમેન્ટને અનુરૂપ નક્કર પગલાંઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે ગ્લોબલ વૉર્મિંગને ઔદ્યોગિકીરણ પહેલાંના સ્તરોથી ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાનો પ્રયત્ન કરે છેવોલ્વો કારની ૨૦૪૦ની મહત્વાકાંક્ષાઓ ઓલ-આઉટ ઇલેક્ટ્રિફિકેશન દ્વારા ટેલપાઇપ ઉત્સર્જનને સંબોધિત કરવાથી પણ ઘણી આગળ છે, આ એક બીજું ક્ષેત્ર છે જેમાં કંપની મોખરે છે. તે તેના મેન્યુફેક્ચરિંગ નેટવર્કમાં, કાર્બન ઉત્સર્જન, તેની વ્યાપક કામગીરી, તેની સપ્લાય ચેઇન અને માલના રિસાયકિંલગ અને ફરીથી ઉપયોગ દરવાની બાબતોને સંભાળશે તેની ૨૦૪૦ મહત્વાકાંક્ષાની દિશામાં ટૂંક ગાળાના પગલાં તરીકે, વોલ્વો કાર્સ વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ના સમયગાળાની વચ્ચે કંપનીની લાઇફસાયકલ કૉર ફુટપ્રિન્ટને કાર દીઠ ૪૦ ટકા ઘટાડવાના મહત્વાકાંક્ષી પ્રયત્નોમાં તાત્કાલિક પગલાઓનો અમલ કરી રહી છે. તે સમયે, કંપની તેનો વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ નેટવર્ક સંપૂર્ણપણે ક્લાયમેટ તટસ્થ રહેવાનું લક્ષ્ય રાખે છે.વર્ષ ૨૦૨૫ સુધીમાં તેમની કાર દીઠ CO2 ફુટપ્રિન્ટમાં નોંધપાત્ર ૪૦ ટકા ઘટાડાની અનુભવ કરવા માટે, કંપનીએ તેની કામગીરીના વિવિધ ભાગો માટે ઘણી મહત્વાકાંક્ષાઓ નિર્ધારિત કરી છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ ઇલેક્ટ્રિક કારથી વૈશ્વિક વેચાણમાં ૫૦ ટકા ઉત્પાદન કરવાનું અગાઉનું નિર્ધારિત ટાર્ગેટ એ એક મહત્વપૂર્ણ લક્ષ્ય છે, જેના પરિણામરૂપે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ની વચ્ચેના સમયગાળા દરમિયાન કાર દીઠ ટેઇલપાઇપ કાર્બન ઉત્સર્જનમાં ૫૦ ટકાનો ઘટાડો થશે.રિચાર્ડ એ સંપૂર્ણ ઇલેક્ટ્રિક અને પ્લગ-ઇન હાઇબ્રિડ પાવરટ્રેનની સાથે તમામ ચાર્જ કરવા યોગ્ય વોલ્વોનું ઓવરઑક્રિંગ નામ હશે.

૮૫૫+ પ્રોસેસર સાથે Red Magic 3S ભારતમાં લોન્ચ થયો છે જેની શરૂઆત રૂ.૩૫,૯૯૯થી થાય છે



ગેમિંગ ગોડ Red Magic 3S ની ભારતમાં લોન્ચ થવાની જાહેરાત થઈ છે. Red Magic 3S બે ચલ 8+128 GB માં મેકા સિલ્વર (સ્પેસ ગ્રે) રંગ અને 12+256GBમાં સાઇબર રેડ (લાલ અને ભૂરામાં) પલબ્ધ છે, જેની કિંમત અનુક્રમે રૂ. ૩૫,૯૯૯ અને ૪૭,૯૯૯ છે. શક્તિશાળી ગેમિંગ ફોન સ્નેપ્ડ્રેગન ૭૮૫અલકોમ ૮૫૫+ પ્રોસેસર ધરાવે છે કે જે જે ૮૫૫ પ્રોસેસરની તુલનામાં રમનારાઓને ૧૧૫ ઝડપી ગ્રાફિક રેન્ડરિંગ આપે છે. તે વિશ્વનો સૌથી પાતળો ગેમિંગ ફોન છે જેમાં ડ્યુઅલ ફ્લુઇડ સિસ્ટમ છે જેમાં લિક્વિડ ફ્લુઇડ સાથે બિલ્ટ ફ્લુઇડ કૂલિંગ ફેન છે. Red Magic 3S એક માત્ર એન્ડ્રોઇડ ફોન છે જે ઉદ્યોગમાં શ્રેષ્ઠ ચાઇના બજારમાં ૫,૧૦,૪૯૯ના AnTuTu બેન્ચ માર્ક સુધી પહોંચ્યો છે.

Red Magic 3S સૌથી સરસ વિશેષતાઓ સાથે અને હેન્ડકોર ગેમર્સ માટે સૌથી ઉત્તમ ડિઝાન સાથેનું ગેમિંગ પાવરહાઉસ છે. તે ગેમ બુસ્ટ બટન, ટ્રમ-સેન્સિટિવ સોલર ટ્રિગર્સ, ૯૦૨ડ રિફ્રેશ રેટ સાથે ૬.૧૫ ઇંચ અલ્ટ્રા પહોળી સ્ક્રીન, 4D વાઇબ્રેશન, બે આગળના ભાગના સ્ટીરીઓ સ્પીકર્સ, ભારે ૫,૦૦૦ક્ષર બેટર ધરાવે છે અને ૨૦૬ સુધી ઝડપી ચાર્જ'ગને અજોડ ગેમિંગ પ્રદર્શન માટે સહાય કરે છે.

એર્ગોનોમિક્સથી સ્યાયેલ ગેમિંગ ફોન ૨૧મી ઓક્ટોબર ૨૦૧૯થી વેચાણ માટે ફ્લિપકાર્ટ પર દિવાળી સ્પેશિયલમાં ઉપલબ્ધ છે. ગ્રાહકને નો કોસ્ટ ઇએમઆઈ વિકલ્પ પણ મળશે. વધારાના રૂ .૪૯૯ ચૂકવીને Red Magic 3S સાથે સંપૂર્ણ મોબાઇલ પ્રોટેક્શન ઓફર પણ ઉપલબ્ધ છે. ન્યુબિયા મોટાભાગના પ્રીમિયમ ગેમિંગ સ્માર્ટફોન વિશ્વને પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે.

'ફમેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારિત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

શું તમે પોતાના વ્યવસાયની ચૂદિ કરવા માંગો છો? તો ફાઈન્ડના ડાયરેક્ટ-ટૂ-રિટેઈલ સમાધાન, યૂનિકેટ પર પંજીકરણ કરાવો તથા રિટેઈલની નવી યાત્રાની શરુઆત કરો

રિલાયન્સ સમર્થિત ફાઈન્ડે યૂનિકેટ લોન્ચ કર્યાં, જે એક ડાયરેક્ટ-ટૂ-રિટેઈલ સમાધાન છે. આ ગુજરાતના રિટેલર્સને બ્રાન્ડના ઈન્વેન્ટરીની સીધી પહોંચ પ્રાપ્ત કરવાનો અવસર આપીને પોતાનો વ્યવસાય વધારવામાં મદદ કરી રહ્યાં છે. તે ઝોર્ડ પણ જગ્યાથી અને ક્યારેય પણ પોતાની પસંદના કોન્ફિગુરેશનમાં બ્રાન્ડની ઈન્વેન્ટરી ખરીદી શકશે.યૂનિકેટની સાથે ગઠબંધન કરીને શોપ કીપર્સ પોતાના રિટેઈલ વ્યવસાયને વધારી શકે છે અને ટેક્નોલોજી અપનાવીને આધુનિકીકરણની લહેર લાવી શકે છે. યૂનિકેટ સ્ટોર એપ જથ્થાબંધ ઓર્ડર્સ પર ૪૫ ટકા સુધીનું માર્જિન તથા ગ્રાહકોના ઓર્ડર્સ પર ૧૫ ટકા સુધીનું કમીશન પ્રસ્તુત કરે છે. "ડાયરેક્ટલી ફ્રોમ બ્રાન્ડ્સ", "ઓરિજિનલ બિલ" તથા "એશ્યોર્ડ રિટર્ન્સ" જેવા મુખ્ય યૂઝેસપીની સાથે યૂનિકેટ છેલ્લાં રિટેઈલર્સ વૃદ્ધિમાં મદદ કરવા તથા પોતાની ટેગ લાઈન, "vkidh c<+rh nqdku" પર સાચાં ઉતરવા માટે તૈયાર છે. યૂનિકેટ શોપ કીપર્સને જથ્થાબંધ ખરીદ માટે એક-એક પીસમાં ખરીદ કરવાની સુવિધા આપે છે, જ્યારે પારંપરિક હોલસેલ બજરમાં પૂરો સેટ ખરીદવા પડે છે.યૂનિકેટ દ્વારા ફાઈન્ડ શોપ કીપર્સને પોતાની નિઃશુલ્ક વેબસાઈટ તથા એપ પ્રદાન કરે છે, જેના વેચાણની સામર્થ્ય પઠ્ઠી વધારે બ્રાન્ડોથી ૫૦૦૦૦થી વધારે સ્ટાઈલ્સની છે. શોપ કીપર્સને પોતાના ગ્રાહકોનાં પસંદીદા બ્રાન્ડના વિકલ્પ ના મળવાના કારણે તેમના દ્વારા અસંતુષ્ટ થઈને શોપથી પાછા જવાની ફરીયાદ નહીં રહે. યૂનિકેટ એપ ડાઉનલોડ કરીને શોપ કીપર્સ પોતાની શોપમાં ઓછામાં ઓછા ઈન્વેન્ટરી રાખી શકે છે અને તે પણ સૌથી લોકપ્રિય બ્રાન્ડો તરફ ફરીથી આ બ્રાન્ડેડ તથા ગુણવત્તા યુક્ત સ્ટોકની ડિલીવરી પોતાના ગ્રાહકના દ્વારપ્રાપ્ત સુધી કરી શકે છે.

માધુરી દિક્ષિતે જેમ સિલેકશન્સને "ભારતના સર્વશ્રેષ્ઠ રત્ન બ્રાન્ડ" ના રુપમાં સમ્માનિત કર્યા

ભારતના પ્રીમિયર રત્ન અને આભૂષણ બ્રાન્ડ જેમ સિલેકશન્સને "ભારતના સર્વશ્રેષ્ઠ રત્ન બ્રાન્ડ"ના રુપમાં વૈશ્વિક ઉત્કૃષ્ટતા પુરસ્કારોના પહેલાં અને સાથે જ બીજી સંસ્કરણથી સમ્માનિત કરવામાં આવ્યાં. બ્રાન્ડને દુનિયાભરમાં પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને વ્યાપક ગ્રાહક આધાર માટે સમ્માનિત કરવામાં આવ્યાં. જેમ અને ઝવેરાત્સ ઉદ્યોગમાં પારદર્શિતા અને ગુણવત્તા માટે માપદંડના રુપમાં પોતાને સ્થાપિત કરવાની પોતાની વિરાસતના કારણે, જૂરીએ જેમ સિલેકશન્સને ભારતમાં સર્વશ્રેષ્ઠ જેમસ્ટોન્સ બ્રાન્ડના રુપમાં પસંદ કર્યાં."લ્હોળલ એક્સીલેન્સ એવોર્ડ્સ' વ્યવસાયી, ઉદ્યમીઓ અને સંગઠનોને તેમની રત્નનત્મકતા, નવાચાર અને ગુણવત્તાને પ્રોત્સાહિત કરવા અને પહેચાન આપવા માટે એક મંચના રુપમાં બનાવવામાં આવ્યાં છે અને આ રીતની પહેલનો ભાગ બનવું સમ્માનની વાત છે."આ કાર્યક્રમ ૧૨ ઓક્ટોબર ૨૦૧૯એ મ્રાન્ડ હયાત, મુંબઈમાં આયોજિત ગ્લોબલ એક્સીલેન્સ એવોર્ડ્સનું બીજું સંસ્કરણ હતું, જ્યારે પહેલું આયોજન ૭ ઓક્ટોબર ૨૦૧૮એ કોર પોઈન્ટ્સ બાય શેરેટોન, નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલ એસ્ક્યાર્ડ ઈન્ફેક્શન્સ (એચએઆઈ)ની સમસ્યા પર ધ્યાન કેંદ્રિત કરવા માટે બીડી-ઈન્ડિયા દ્વારા 'હીલ-ઓ-નોમિક્સ'નું આયોજન

અમદાવાદ

આપણા દેશમાં હોસ્પિટલ એસ્ક્યાર્ડ ઈન્ફેક્શન્સ (એચએઆઈ) ની વધી રહેલી સંખ્યાએ નિષ્ણાતોને એકત્ર થવાની અને તેને રોકવા માટે ચર્ચા કરવા પ્રેર્યા છે. અગ્રણી મેડિકલ ટેક્નોલોજી કંપની બીડી-ઈન્ડિયાએ તાજેતરમાં જ 'હીલ-ઓ-નોમિક્સ'નું આયોજન કર્યું હતું, આ એવો પ્રોગ્રામ છે જે ઈષ્ટતમ ખર્ચે વધુ સારી આરોગ્યના પરિણામો પ્રાપ્ત કરવા માટે એચએઆઈને રોકવામાં પડકારોને કેંદ્ર કરવા માટે વિકસાવવામાં આવ્યો છે. એચએઆઈ સંબંધિત સમસ્યાઓ પર પોતાની કુશળતા શેર કરતા ઈન્ટરનેશનલ નોઝોકોમિયલ ઈન્ફેક્શન કંટ્રોલ કોન્ફોર્ટિયમ (આઈએનઆઈસીસી)ના પ્રેસિડન્ટ ડો. વિક્ટર જી.રોઝેન્થલે રોગચાળા શાસ્ત્ર અને બ્લડ સ્ટ્રીમ ઈન્ફેક્શન્સ (બીએસઆઈ)ને રોકવા પરના પોતાના તારણો રજૂ કર્યા હતા. "એવું જોવામાં આવ્યુ છે કે હોસ્પિટલમાં મર્યાદિત આંતરમાળખા સાથે વધુ પડતી ભીડ, પ્રાથમિક ચેપ નિયંત્રણ પ્રેક્ટિસીસનો અભાવ, દર્દીઓની વ્યાવસાયિકોની અસમતોલ સંખ્યા અને ગુણવત્તા માન્યતા લાગુ ન કરવી તે ભારતમાં નોઝોકોમિયલ ચેપ સલંગ્ન મૃત્યુમાં યોગદાન આપે છે. આ ચેતવણીજનક હકીકતોને વિચારતા, દર્દીની સલામતીની ખાતરી કરવા જરૂરી વ્યૂહરચનાઓ અમલી બનાવીને તંદુરસ્ત વાતાવરણનું સર્જન કરવાની જરૂર છે. આરોગ્યસંભાળ કામદારોને યોગ્ય તાલીમ પૂરી પાડવી સુરક્ષિત વ્યવસ્થાના સર્જન તરફનું પ્રથમ પગલું હોઈ શકે છે. બીડી દ્વારા 'હીલ-ઓ-નોમિક્સ' જેવી પહેલ આપણી આરોગ્યસંભાળ સવલતોમાં દર્દીના પરિણામો સુધારવામાં મોટી અસર કરશે."હોસ્પિટલ એસ્ક્યાર્ડ ઈન્ફેક્શન્સ જે નોઝોકોમિયલ ઈન્ફેક્શન તરીકે પણ ઓળખાય છે, તે હેલ્થકેર સવલતોમાં હોસ્પિટલના સ્ટાફ, દર્દીઓ, દૂષિત સાધનો અને લિનેન્સ દ્વારા લાગે છે. દર ૧૦૦ જેટલા હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાથી કોઈ પણ સમયે, ઉચ્ચ આવક ધરાવતા દેશમાંથી સાત અને નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાંથી ૧૦ને એક કે વધુ આરોગ્ય સંભાળ સાથે સંકળાયેલ ચેપ (એચએઆઈ) લાગે છે.

શેફ રણવીર બરાર, બ્રાન્ડ એમ્બેસેડર પરાગ મીલ્ક ફુડ્સ સ્વસ્થ દિવાળી ઉજવવા માટે તેની ટીપ્સ શેર કરે છે



દિવાળી માત્ર પ્રકાશનો તહેવાર નથી પરંતુ દરેક ભારતીય તહેવારની જેમ આ પણ તહેવારનો એક હિસ્સો છે, જે ગળ્યું અને સ્વાદિષ્ટ પણ છે. પરંતુ આ તહેવારોને કોઈપણ પ્રકારની ક્ષવાટ વગર તેની મજા માણવીએ કેટલું સારું છે? સ્વસ્થ અને સ્વાદિષ્ટ વચ્ચેનું અંતર ઘટાડવા, શેફ રણવીર બરાર કેટલીક ટીપ્સ આપે છે જેથી તમે તહેવારોને સ્વાદમાં બાંધછોડ કર્યા વગર માણી શકો સાથોસાથ તમારા સ્વાસ્થ્ય અને ભોજનને પણ સંભાળ રાખી શકો. ૧.ઘી ઓછું ના ખાવ –ઘી એ અંગતપણાનો વધારાનો વ્યાલ છે જે મા કા સુનેકરા ખાર જે કોઈ એ ના છોડવો જોઈએ પરંતુ તેમાં ડુબી જવા કારણ કે તે ચમકતી ત્વચાની ચાવી પણ છે અને એક સંપૂર્ણ સ્વસ્થ પાચન સીસ્ટમ છે. શુદ્ધ ઘી માત્ર જમવાના સ્વાદને સારો જ નથી બનાવતું પરંતુ તેનું સારાપણું દિવાળીની ઉજવણી પછીના તમારા હાર્ટબર્ન અને ગેસ્ટ્રીક તકલીફોથી બચાવવામાં પણ મદદ કરશે. ચોવર્ષ ઘી હંમેશા મારું પ્રિય ઘી રહ્યું છે કારણ કે તે શુદ્ધ ગાયના દૂધમાંથી બનાવેલું અને ટેસ્ટ અને સુગંધ માં શ્રેષ્ઠ હોય છે.

૨.શોડા પ્રોટિનનો ઉમેરો કરોઃજ્યારે ગળ્યું અને મિઠાઈઓએ આ તહેવારની આઈકોલાઈટ્સ છે, ત્યારે તમે પણ હંમેશા થોડા સ્વાસ્થ્યપ્રદ બની શકો છો, તેમાં ખાંડને સ્થાને થોડો પ્રોટીન પાવડરનો ઉમેરો કરીને. અવતારને શુદ્ધ ગાયના દૂધમાંથી બનાવવામાં આવે છે, તેને તમે રબડી, બાસુંદી, હિરનો તથા અન્ય દૂધ આધારીત સેમી- સોલીડ પ્રવાહી મિઠાઈમાં ઉમેરીને ખાઈ શકો છો, જેનાથી તમે એક સાથે ઘણું બધું ખાઘા પછી પણ તમને પસ્તાવો નહીં થાય તે ખાતરી છે!

૩.ઝડપી દિવાળી નાસ્તોઃકેટલાક એવા પણ અનઅપેક્ષીત મહેમાનો હોય છે જે કલ્યા વગર આવી જાય છે? તમે તેને ગોની વિશાળ ચીઝની કેટલીક ઝડપી ડીશ બનીને ઉપોયગ કરી શકો છો. જેમાં ગોના પેપર, ટોમેટો અને પેરી- પેરી ચીઝ એવા છે, જે તમે બાળકો માટે ઉપયોગમાં લઈ શકો છો સાથોસાથ મોટાઓ પણ તેને માણશે.

આ તહેવારોની સિઝનમાં, સેમસંગ ઈન્ડિયાને કંઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વ્યવસાય ક્ષેત્રે ગુજરાતમાં બે આંકડામાં મજબૂત વૃદ્ધિની અપેક્ષા

ભારતની સૌથી મોટી અને સૌથી વિશ્વસનીય કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને સ્માર્ટફોન બ્રાન્ડ સેમસંગએ ગુજરાતમાં તેના કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બિઝનેસમાં બે આંકડાંની મજબૂત વૃદ્ધિ હાંસલ કરી છે. આ વર્ષે તહેવારોની સીઝન દરમિયાન રાજ્યના ગ્રાહકોનો ઝુકાવ મોટી સ્ક્રીન ધરાવતા ટેલિવિઝન અને રેફ્રિજરેટર ખરીદવા તરફ રહ્યો હોવાથી આ વૃદ્ધિ જોવા મળી છે. આ વલણને પરિણામે સેમસંગએ ઓગસ્ટ ૨૦૧૯ના અંતે ગુજરાતમાં પ્રીમિયમ ક્યૂએલઈડી ટીવી સેગમેન્ટમાં ૫૨%નો માર્કેટશેર હાંસલ કર્યો હતો.આ ક્ષેત્રમાં વિક્રાસના પ્રવાહને આગળ વધારતા સેમસંગએ ગત વર્ષની સરખામણીએ આ વર્ષની તહેવારોની સીઝનમાં ૪૦ અને ૪૩ ઈંચના ટીવીની કેટેગરીમાં ૦૭%ની હકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે, કારણ કે, વધુને વધુ ગ્રાહકો મોટી સ્ક્રીન ધરાવતા સ્માર્ટ ટીવી ખરીદવા માંગી રહ્યાં છે. રેફ્રિજરેટરની કેટેગરીમાં સેમસંગ ૩૪.૯%ના માર્કેટશેર સાથે આ કેટેગરીમાં અગ્રણી સાબિત થઈ છે. ટીવીની કેટેગરીની જેમ જ આ વર્ષની તહેવારોની સીઝનમાં લોકો વધુને વધુ પ્રીમિયમ રેફ્રિજરેટર ખરીદી રહ્યાં હોવાનું વલણ સેમસંગને જોવા મળ્યું હતું, જેણે ગુજરાતમાં પ્રીમિયમ રેફ્રિજરેટરની કેટેગરી (૩૫૦ લિટરથી વધુ)માં તેના માર્કેટશેરને વધારીને ૫૯% સુધી પહોંચાડી દીધો હતો.

યસ બેંક ગ્રાહકો સાથે મનાઈ રહ્યું છે, ઈન્સ્ટીટ્યુશનલ એક્સીલન્સના ૧૫ વર્ષોની ઉજવણી

અમદાવાદ

યસ બેંકે હેક્ટિવ સીઝનની શરૂઆત, પ્રૈન ઈન્ડિયા માં ઈન્સ્ટીટ્યુશનલ એક્સીલન્સ ના ૧૫ વર્ષ પૂર્ણ થવાની સાથે કરી દીધ. આમાં દેશભરમાં બેંકની ૧૧૦૦થી વધુ શાખાઓમાં ઈનોવેટીવ ગ્રાહક કેન્દ્રિત કાર્યક્રમો અને ગતિવિધિયોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ગ્રાહકો ને કેન્દ્ર માં રાખતાં, હાલ માં જ યસ બેંકે અમદાવાદ, શાખામાં ઈન્સ્ટીટ્યુશનલ એક્સીલન્સ ના ૧૫ વર્ષો ની ઉજવણી અનોખી રીતે કરી હતી. આમાં બેંકના પોતાના ગ્રાહકોને શાખામાં ઉત્સવ અને મોજ-મસ્તી થી ભર્યા આયોજન માટે આમંત્રિત કર્યા હતાં. ચીફ ગેસ્ટ, શ્રી રમેશ મહેતા, પ્રમોટર અને નિર્દેશક, નેવી કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ, શ્રી બી.એમ. સરાફ, પ્રેક્ટિસિંગ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શ્રી રાજેશ જોષી, હેડ – એડમિન અને ફાયનાન્સ, શ્રી સ્વામિનાથાયણ ગુરુકુલ ટ્રસ્ટ તથા અન્ય લોકો ને આ પ્રસંગે દર્શકોને સંબોધિત કર્યા હતાં. અમે ૧૫ વર્ષના સમયગાળામાં બેંકને આગળ લઈ જવા અને ગ્રાહક કેન્દ્રિત બેંક બનવામાં ગર્વનો અનુભવ કરીયે છે. અમારૂ માનવું છે કે અમારા મુલ્યવાન ગ્રાહકો હંમેશા બેંકના સકરમાં સાચા સાથી રહ્યા છે અને આ ઉત્સવ તેમના યોગદાન ને સ્વીકાર કરવા માટેનો છે. અમે આ કેસ્ટીવ સીઝનની રાહ જોઈએ છે, જેથી અમારા ગ્રાહક જોડાઈ શકે અને તેમની સમૃદ્ધ યાત્રાનો ભાગ બની શકે.

આવતીકાલના પ્રણેતાઓના સંવર્ધન માટે પાછી આવી રહી છે હીરો કેમ્પસ ચેલેન્જ

નવી દિલ્હી

વિશ્વની સૌથી મોટી ટુ-વ્હીલર ઉત્પાદક હીરો મોટોકોર્પે તેની લોકપ્રિય ધી હીરો કેમ્પસ ચેલેન્જ (ટીએચસીસી)ની પાંચમી એડિશનની જાહેરાત કરી છે. આ વર્ષની એડિશન માટેના રજિસ્ટ્રેશન હાલામાં ખુલ્લા છે અને પહેલેથી જ ૫૦૦૦થી વધુ એન્ટ્રીઓ મેળવવામાં આવી છે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૯ નવેમ્બર ૨૦૧૯ રોજ બંધ થશે.ભારતના અનેક અત્યંત ઈનોવેટીવ પ્લેટફોર્મમાંનું એક આ પ્લેટફોર્મ દેશના યુવાનોની સર્જનાત્મકતા અને બિઝનેસ જ્ઞાનને આગળ ધપાવે છે. ટીએચસીસી ચેલેન્જસમાં વાસ્તવિક જીવનના વૈશ્વિક ઉદ્યોગ સ્થિતિ સાથેની સિરીઝમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ સમસ્યાનો નવીન અને અવલ્વાઠ ઉકેલ રજૂ કરે તે જરૂરી છે. વિજેતા ટીમને હીરો મોટોકોર્પમાં કામ કરવાની તક મળે છે જે તેમને વૈશ્વિક સંસ્થામાં કામ કરવાનો કુશળ અનુભવ પૂરો પાડે છે. હીરો કેમ્પસ ચેલેન્જમાં છેલ્લા ચાર વર્ષમાં ૪૦,૦૦૦થી વધુ બિઝનેસ અને એન્જિનીયરીંગ વિદ્યાર્થીઓની ભાગીદારી જોવા મળી છે.બ્રોન્ઝ શૈક્ષિક સંસ્થાના દેશના તેજસ્વી દિમાગની વધી રહેલી ભાગીદારી આજના યુવાનોની વ્યાવસાયિક જિંદગી પર થઈ રહેલી સર્જનાત્મક અસરનું પ્રતિબિંબ છે. ચાલુ વર્ષની એડિશન પણ દરેક વિદ્યાર્થિનું જ્ઞાન વધારવાની સાથે પડકારરૂપ બની રહેશે તેવો અમને આત્મવિશ્વાસ છે. હું તેમને શુભેચ્છા પાઠવું છું."

ટીએચસીસી જે વિદ્યાર્થીઓ દરેક આઈટી, એનઆઈટી અને એન્જિનીયરીંગ કોલેજસમાંથી પ્રોજેન્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યા હોય તેમના ખુલ્લી છે. બે વર્ષના એમબીએ/પીજીડીએમ પ્રોગ્રામના પ્રથમ અને અંતિમ વર્ષમાં હોય તેઓ પણ ભાગ લેવા માટે પોતાની એન્ટ્રી સુપરત કરી શકે છે.ચાલુ વર્ષની એન્ટિગનનો પ્રથમ રાઉન્ડ ઓનલાઈન એસેસમેન્ટનો રહેશે જે ૧૦ નવેમ્બર ૨૦૧૯ના રોજ યોજાશે. તેમાં શોર્ટલિસ્ટ થયેલી ટીમે તેમની આઈડીયા એલિવેટર વીડિયો પીચ ૧૦ નવેમ્બર ૨૦૧૯ સુધીમાં સુપરત કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રાઉન્ડ ઉમાં બનાવે છે તેમણે તેમની એન્ટ્રીઓ ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં સુપરત કરવાની રહેશે જેથી તેઓ આખરી રાઉન્ડમાં શોર્ટલિસ્ટ થઈ શકે.વિઝન ૪માંથી વિજેતા ટીમને પ્રતિષ્ઠિત ટીએચસીસી વિનર ટ્રોફીથી નવાજવામા આવશે અને રૂ. બે લાખનું ઈનામ મેળવશે અને રનરઅપ ટીમને ઈનામની રૂ. ૧ લાખની રકમ સાથે ટ્રોફી તેમજ હીરો મોટોકોર્પ ખાતે પ્રો-પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુની તક પ્રાપ્ત થશે.

ઝી સિનેમાના અમાવસના પ્રિમિયરની સાથે તૈયાર થઈ જાવ કેટલાક હાડ થિજવતા પળો માટે ૨૪મી ઓક્ટોબર



એક કબર, એક ભૂતિયા હવેલી અને એક ઘેરુ રહસ્ય. હોરર મુવીના ઉસ્તાદ ભૂષણ પટેલની અમાવસમાં સ્ક્રીન પર તેમને સફળતાપૂર્વક હોરર અને ષડયંત્ર બંનેનું સફળતાપૂર્વક કબ્રુજન કર્યું છે. હોરર-થ્રિલરમાં સુંદર નરગીસ કબ્રી અને સચીન જોશીની સાથે મોના સિંઘ, વિવાન ભટેના અને અનિલ અગરવ અગ્રણી ભૂમિકામાં છે. ઝી સિનેમા રજૂ કરે છે, અમાવસ- રોમાન્ટિક-હોરરનું ચેનલ પ્રિમિયર, ગુરુવાર, ૨૪મી ઓક્ટોબરના રોજ રાત્રે ૯ વાગ, હરદિન દિવાલીના ભાગરૂપે.એવું કહેવાય

શિક્ષણની ગુણવત્તાની મિશાલ : ૪૬ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સુરપુરની સરકારી શાળામાં પ્રવેશ લીધો

પુલવામા શહીદોની યાદમાં ૪૨ વૃક્ષોનુ શહીદવન : ૩૦૦ થી વધુ વૃક્ષો ઉછેર્યા

પ્રતિનિધી સાબરકાંઠા

સાબરકાંઠાના ઇડર તાલુકાનુ સુરપુર ગામની પ્રાથમિક શાળા એક આદર્શ શાળા બની રહી છે. આ શાળાની શિક્ષણની ગુણવત્તાએ આજુ-બાજુના વિસ્તારની ખાનગી શાળાઓ કરતાં વધુ ઉચ્ચ છે. આ શાળામાં આ શૈક્ષણિક વર્ષે ૪૬ ખાનગી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે.આ શાળામાં હાલ કુલ ૨૪૮ બાળકો છે અને ૮ શિક્ષકો છે. આ શિક્ષકો અને બાળકોએ ભેગા મળીને શાળામાં બગીચો બનાવ્યો છે. શાળાનુ મકાન અને રાચરચીલુ જોતા કોઇ ના કહી શકે આ શાળા સરકારી શાળા છે. આ શાળામાં પ્રવેશ લેતા જ જાણે કોઇ અલગ વાતાવરણનો અનુભવ થાય છે.આ ગામ સુખી સંપન્ન ગામ છે. આ શાળામાં અમીર-ગરીબના ભેદ વિના તમામ વર્ગના અને ધર્મના બાળકો સાથે અભ્યાસ કરે છે. શાળાની સ્વચ્છતા ખાનગી શાળાઓ કરતાં ખુબ જ સારી છે.શાળાનુ વિશાળ પ્રાંગણ છે પણ ક્યાંય કોઇ કચરો કે ગંદકી નહી. શિક્ષકો બાળકોને શિક્ષણની સાથે સ્વચ્છતા અને પર્યાવરણના મહત્વનુ જ્ઞાન આપે છે.શાળામાં બાળકોને પીવાનુ શુધ્ધ અને સ્વચ્છ અને ઠંડુ પાણી મળે તે માટે કુલર સાથે આર.ઓ પ્લાન્ટ છે.

આ શાળામાં બાળકોના માનસિક, શારિરીક વિકાસની સાથે સામાજિક સમરસતા વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આજના બાળકો માત્ર પુસ્તકિયા જ્ઞાન મેળવીને સિમિત ન રહી જાય પરંતુ તેમની આસપાસ શું—બની રહ્યું છે તેની જાણકારી મેળવે અને જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી શાળામાં પ્રાર્થનાની સાથે સાથે સમાચાર, સુવિચાર, જાણવા-જેવુ,ઘટિયા, સ્પેલીંગ તેમજ મહાપુરુષોના પુસ્તકોની પુસ્તક સમિક્ષા જેવી વિવિધ પ્રવૃતિઓથી શાળાના શિક્ષણની શરૂઆત થાય છે. આ પ્રવૃતિઓ થકી બાળકોમાં આત્મ વિશ્વાસ કેળવાય છે જ્ઞાનમાં વધારો થાય છે અને તેમની આંતરિક ક્ષમતાઓ બહાર લાવી બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મુકાય છે.

શાળાના આચાર્ય કકુસિંહ જણાવે છે કે ગામના વાલીઓ જાગૃત છે, શાળામાં ચાલતી પ્રવૃતિઓ અને શિક્ષણની ગુણવતા જોઇ આ શાળામાં પોતાના બાળકોનો અભ્યાસની સાથે સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આ શાળામાં પ્રવેશ લીધો છે. સુરપુર ગામની આસપાસ ચાર મોટી ખાનગી શાળાઓ છે જેમા ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમો ચાલે છે. આ શાળામાં ઘણા બાળકો તો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ છોડી ગુજરાતી માધ્યમમાં આવ્યા છે.આ શાળામાં બે દિવ્યાંગ બાળકો અભ્યાસ કરે છે. જેમના માટે અલગ દિવ્યાંગ શીચાલય છે સાથે અહી પ્રજ્ઞા વર્ગ પણ ચાલે છે. જ્યાં શિક્ષક ૭-૮ બાળકોનુ ગ્રૂપ બનાવી તેમની પાસે બેસીને શિક્ષણ આપે છે. રાજ્ય સરકારના દ્વારા ચલાવવામાં આવતા સ્વચ્છતા અભિયાન,પ્લાસ્ટિક મુક્ત ભારત જેવા અભિયાનોમાં શાળામાંથી રેલી કાઢી લોક-જાગૃતિનુ સુંદર કામ આ શાળા કરી રહી છે. જેથી ગ્રામજનો દ્વારા પણ શાળાના વિકાસ માટે સંપૂર્ણ આર્થિક અને સામાજિક સહકાર મળી રહે છે. ગ્રામજનો દ્વારા શાળાની આજુ-બાજુમાં આવેલી પોતાની માલિકીની જગ્યાઓ પરથી ઉકરડા લઈ શાળાની દિવાલની બહાર વૃક્ષો વાવી શાળાનુ વાતાવરણ શુધ્ધ અને સ્વચ્છ રાખવામાં આવે છે.સુરપુર શાળામાં ગ્રામસહયોગ સમિતિ બનાવામાં આવી છે. જેથી ગ્રામજનો અને શાળા વચ્ચે સંવાદ થાય અને શાળામાં જરૂરી સલાહ સુચન સાથે શિક્ષણનુ સ્તર ઉંચુ આવે અને એક પરિવાર જેવુ વાતાવરણ સ્થાપાયુ છે. આ સમિતીમાં આવેલ શાળાના દાનને કેવી રીતે ઉપયોગ કરવો જેવા નિર્ણય આ સમિતી જાતે જ લે છે.શાળામાં આવતા જરૂરીયાતમંદ બાળકોને યુનિફોર્મ, સ્ટેશનરી વગેરે આ સમિતી દ્વારા ઉપલબ્ધ કરાવાય છે.

આ શાળાના બાળકોમાં દેશભક્તિની ભાવના વિકસે અને દેશ ખાતર શહિદ બનેલા વીરજવાનોને હંમેશા યાદ રાખવા માટે અહિં પુલવામાના શહિદ જવાનોની યાદમાં ૪૨ વૃક્ષો વાવી એકશહિદ વનનુ નિર્માણ કર્યું છે. બાળકો અને શિક્ષકોએ ભારે જહેમત અને લગનથી બળ-બળતા ઉનાળામાં પણ મા ભોમના રક્ષકોની યાદને મુરઝાવા દીધી નથી.

બાયડ વિધાનભા પેટા ચૂંટણી પ્રચાર દરમિયાન

ડેમાઇ જિલ્લા પંચાયત સીટના ભાજપના કાર્યકર્તા સંમેલનમાં ૧૨૫ કોંગી કાર્યકરો ભાજપમાં જોડાયા

પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં બાયડ વિધાનભા પેટા ચૂંટણી પ્રચાર દરમિયાન ડેમાઇ જિલ્લા પંચાયત સીટના ભાજપના કાર્યકર્તા સંમેલનમાં બે પૂર્વ સરપંચો સહિત ૧૨૫ કોંગી કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. પ્રદેશ ઉપાધ્યક્ષ,પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાંણ, જિલ્લા મહામંત્રી એસ.એમ ખાંટ સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા ઉપપ્રમુખ અતુલભાઇ બ્રહ્મભટ્ટ, જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ ગુણવંતભાઇ ત્રિવેદી, સાબરડેરી ચેરમેન શામળભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સંમેલનમાં બહોળી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન ભાજપના ના વરિષ્ઠ હોદેદારો અને પદાધિકારીઓ ની ઉપસ્થિતિમાં બે પૂર્વ સરપંચ સહિત ૧૨૫ જેટલા કાર્યકર્તા કોંગ્રેસનો છેડો ફાડીને ભાજપાનો ખેસ ધારણ કરી લેતા ભાજપની છાવણીમાં કેસરીયો છવાયો હતો.

સુપરસ્ટાર હીતુ કનોડીયા દ્વારા બાયડમાં ભાજપનો અવિરત ચૂંટણી પ્રચાર

પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી બાયડ વિધાનસભા પેટા ચૂંટણી આડે હવે માંડ બે દિવસ જ બાકી રહી ગયા છે ત્યારે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોના ચૂંટણી પ્રવાસ અને સભાઓ, લોકસંપર્ક વેગીલો બન્યો છે ત્યારે ભાજપના મંત્રીઓ પ્રદીપસિંહ જાડેજા, જયેશભાઇ રાદડીયા, સાંસદ દીપસિંહ ,પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી ,જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી, શામળભાઈ એમ.પટેલ સહિત મહમંત્રીઓ, જિલ્લાની સમગ્ર ટીમ સહિત વિસ્તારના તમામ કાર્યકરો,પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર સભરકાંઠાના ભાજપના તમામ ધારાસભ્યો રાજેન્દ્રસિંહ ચાવડા,હીતુભાઇ કનોડીયા, ગજેન્દ્રસિંહ, તમામ પૂર્વ ધારાસભ્યો, સહકારી આગેવાનો ,વિસ્તારમાં ગામોમાં, સભાઓમાં હાજર રહી પ્રચાર વેગીલો બનાવી ઉમેદવાર ધવલસિંહ ઝાલાને વિજયી બનાવવા કમર કસી રહ્યા છે

દરમિયાન પ્રચાર કાર્ય અંતર્ગત ગત રાત્રે ઇડર વિધાનસભા ધારાસભ્ય ગુજરાતી ચલચિત્રના સુપરસ્ટાર હીતુભાઇ કનોડીયા અને બાયડ વિધાનસભા ઉમેદવાર ધવલસિંહ ઝાલા ધ્વારા બાયડમાં સભા સંબોધન કરવામાં આવી હતી. એમ જિલ્લા ભાજપ મીડિયા ઇન્ચાર્જ પ્રભુદ્રાસભાઈ પટેલે જણાવ્યું હતું.આ પ્રસંગે બાયડ શહેર પ્રમુખ સ્નેહલભાઇ પટેલ મહામંત્રી દિપકભાઇ પટેલ, જિલ્લા અનુ. જાતિ.મોરચા પ્રમુખ દીનેશભાઇ પરમાર, પૂર્વ ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઇ પટેલ, રમણીકભાઇ પટેલ, મણીભાઇ પંચાલ, એપીએમસી, મોડાસા અને તાલુકા સંઘના રિરેક્ટર ભગવાનદાસ પટેલ, યુવા મોરચા શહેર પ્રમુખ શ્રી તપનભાઇ પટેલ, સહ ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરના સેવાસેતુમાં ૧,૦૦૦ શહેરીજનોએ લાભ લીધો

શહેરને સ્વચ્છ રાખતા સફાઈ કામદારોનું મેડિકલ ચેકઅપ પણ કરાયું

પ્રતિનિધી સાબરકાંઠા

લોકોને સરકારી સેવા પોતના ઘર આંગણે જ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે જેના થકી ગરીબ લોકોના સમય અને નાણાનો બચાવ થાય તેવા શુભ આશયથી આરંભાયેલો પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ હિંમતનગરના નલીકાન્ત ગાંધી ટાઉન હોલ ખાતે યોજાયો હતો.

શહેરીક્ષાના યોજાયેલ સેવાસેતુ કેમ્પમાં આવક, ક્રિમીલેયર તથા મહેસુલ વિભાગની સેવાઓ,રેશન કાર્ડની અરજી, મા અમૃતમ યોજના તથા મા વાત્સલ્ય યોજના, વિધવા સહાય, નગર પાલિકાકક્ષાની સેવાઓ, બેન્કની યોજન સાથે મેડીકલ હેલ્થ કેમ્પ (ડાયાબીટીસ તથા બ્લડ પ્રેશર ફ્રી ચેકઅપ) યુ.જી. વી.સી.એલ.ની યોજનાઓ વગેરે જેવી ૫૭ જેટલી યોજનાઓની કામગીરી આ એક જ સ્થળે કરવામાં આવી હતી. જેમાં હિંમતનગરના ૧૦૦૦ જેટલા શહેરીજનોએ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો. સેવાસેતુ કાર્યક્રમની સાથે હિંમતનગર નગરપાલિકા અને તાલુકા આરોગ્ય કચેરી હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે ડેંગ્યુ, મચ્છર અને પાણી જન્ય રોગચાળા અંગે જાગૃતિ શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેથી મોટી સંખ્યામાં લોકોએ આ જાગૃતિ શિબિરનો લાભ લીધો અને રોગોથી બચાવ અંગેની જાણકારી લીધી હતી. આ પ્રસંગે સફાઈ કામદારોના મેડિકલ ચેકપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાસેતુ કાર્યક્રમમાં જી.યુ. ડી.સી.ના ડીરેક્ટર જે.ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ અનિરૂધ્ધભાઈ સોરઠિયા, પ્રાંત અધિકારી યતિનભાઈ ચૌધરી, નગર પાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઇ પટેલ હિંમતનગર મામલતદાર, જિલ્લા આરોગ્ય અધિકારી રાજેશભાઇ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી જયેશભાઈ પરમાર, નગર પાલિકાના સદસ્યો, નગર પાલિકા કર્મચારીગણ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

સુરતમાં એકસાથે પાંચ વ્યક્તિ ચાલી શકે તેવા ત્રણ મીટર સુધીના ફૂટપાથ બનશે

સુરત સુરત

સુરત મ્યુનિ.ના બમરોલીના મોડલ રોડની કામગીરી નિરીક્ષણ બાદ મ્યુનિ.કમિશ્નરે શહેરના રોડ પર ત્રણ મીટર સુધીના ફુટપાથ બનાવવા માટે આદેશ આપ્યો છે. ફુટપાથ પહોળા હોય તો તેના પરલોકો સરળતાથી ચાલી શકે તે મ્યુનિ. કમિશ્નરનો કન્સેપ્ટ ઘણો જ સારો છે પરંતુ સુરતના મોટા ભાગના ફુટપાથ પર ગેરકાયદે દબાણ કરનારાઓનો કબ્જો હોવાથી લોકોએ જીવના જોખમે રસ્તા પર ચાલવું પડે છે.

પાલિકા કમિશ્નરે ફુટપાથ બનાવવા પહેલાં જે ફુટપાથ બન્યા છે તેના પરના દબાણ દુર કરીને લોકોને ચાલવા યોગ્ય કરવા જોઈએ તેવી માગણી થઈ રહી છે.

સુરત મહાનગરપાલકા વિસ્તારમાં રસ્તાની સાથે રાહદારીઓ સરળતા અને સલામત ચાલી શકે તે માટે મ્યુનિ. તંત્રએ ફુટપાથ બનાવ્યા છે અને બનાવી રહી છે. હાલ થોડા દિવસ પહેલા બમરોલી વિસ્તારમાં મોડલ રોડની કામગીરી ચાલે છે તે જોવા માટે મ્યુનિ.કમિશ્નર બન્છાનિધિ પાની ગયાં હતા.

તેઓએ રોડ નિરીક્ષણ બાદ ફુટપાથની પહોળાઈ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. મ્યુનિ. કમિશ્નરના કહેવા પ્રમાણે ફુટપાથ પર એક સાથે ચારથી પાંચ વ્કક્તિઓ સરળતાથી ચાલે એટલા પહોળા હોવા જોઈએ.

તલોદ માર્કેટયાર્ડમાં રૂ.૬૦૦થી મગફળીની હરાજી શરૂ કરાતાં ખેડૂતોનો હોબાળો

પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્કેટયાર્ડમાં મગફળીના શરૂઆતમાં પોષણક્ષમ ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છલ્લાં એક દાયકાથી હતો મગફળીની અવાક મોટા પ્રમાણમાં થતાની સાથે મગફળીના ભાવમાં કડાકો બોલતા ખેડૂતોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે ખેડૂતોએ વેપારીઓ અને માર્કેટયાર્ડના સત્તાધીશોની મીલીભગતના પગલે પોષણક્ષમ ભાવ ન મળતા હોવાનો આક્રોપ અનેકવાર કરી ચુક્યા છે સાબરકાંઠા જીલ્લાના તલોદ માર્કેટયાર્ડમાં મગફળી વેચવા ખેડૂતોને મગફળીનો હરાજી ૬૦૦ રૂપિયાથી શરુ થતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો.

મગફળીના ઉત્પાદનમાં ગુજરાત છેલ્લા એક દાયકાથી દેશમાં મોખરે રહ્યું છે જોકે, વધતા ઉત્પાદનને કારણે તેની કિંમત ઘટી છે અને ખેડૂતોને ઉત્પાદન ખર્ચ પણ પાછો મળતો નથી તલોદ માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ માલવાહક વાહનોમાં વહેલી સવારથી મગફળી ભરી પહોંચેલા ખેડૂતો મગફળીના સારા ભાવ મળી રહેવાની આશા માર્કેટયાર્ડના વેપારીઓએ ૬૦૦ રૂપિયાના ભાવે મગફળીની હરાજી શરુ કરતા ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવ મળવાની આશા ઠગારી નીવડતા ખેડૂતોએ મગફળીની હરાજી પ્રતિ મણ-૧૦૦૦ થી શરુ કરવાની માંગ સાથે હોબાળો મચાવતા

અને વેપારીઓ-ખેડૂતો વચ્ચે તું તું મૈં મૈં થતા વેપારીઓ હરાજી છોડીને ચાલ્યા જતા મગફળીનું વેચાણ અટકી પડ્યું હતું ખેડૂતો મગફળીના પૂરતા ભાવ ન મળતા મગફળી પછી લઈ જવા મજબુર બનતા ખેડૂતોને માલવાહક વાહનોનું ભાડું પણ માથે પડ્યું હતું.

સમયસર ટેક્સ રિટર્ન નહીં ભરવાથી મુશ્કેલી સર્જાઈ શકે

મુંબઈ

ઈન્કમટેક્સ રિટર્ન સમયસર ભરવાની બાબત પણ ખુબ મહત્વપૂર્ણ છે. સમયસર ઈન્કમટેક્સ રિટર્ન નહીં ભરવાની સ્થિતિમાં કાર્યવાહી કરવામાં આવી શકે છે. ઈન્કમટેક્સ રિટર્ન જો સમયસર ભરવામાં આવ્યા નથી અને નોટિસ મળી ગઈ છે તો સમયસર નોટિસનો જવાબ આપવામાં આવે તે પણ જરૂરી છે. નોટિસનો જવાબ આપવાની નિષ્ઠળતામાં મુશ્કેલ પરિણામનો સામનો કરવો પડી શકે છે. હાલના જ નિર્ણયમાં દિલ્હી હાઈકોર્ટે ઈન્કમટેક્સ રિટર્ન નક્કી કરવામાં આવેલી સમય મર્યાદાની અંદર નહીં ભરવાની સ્થિતિમાં પ્રોસીક્યુશન સંબંધિત કાર્યવાહીને લઈને સ્પષ્ટતા કરી હતી. ઈન્કમટેક્સ એકટની કલમ ૧૩૮ (૧) હેઠળ નક્કી કરવામાં આવેલી તારીખની અંદર ઈન્દમટેક્સ રિટર્ન નહીં ભરવાની સ્થિતિમાં કાયદાની જોગવાઈઓ રહેલી છે. એક વ્યક્તિગત કરદાતા જો ઈન્કમટેક્સ એકટની કલમ ૧૩૮ (૧) હેઠળ નિર્ધારીત સમયની અંદર ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ના મૂલ્યાંકન વર્ષ માટે ઈન્કમટેક્સ રિટર્ન ભરવામાં નિષ્ઠળ રહ્યા બાદ આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. આ ઉપરાંત આ વ્યક્તિગત નોટિસના જવાબ આપવામાં પણ નિષ્ઠળ રહ્યો હતો.

ત્યારબાદ ઓફિસર દ્વારા કરદાતાની સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી. કલમ ૨૭૬ સીસી હેઠળ સજાપાત્ર જોગવાઈ રહેલી છે. કરદાતાની વિરૂદ્ધમાં નીચલી કોર્ટના ચુકાદા બાદ આ વ્યક્તિએ હાઈકોર્ટમાં રજુઆત કરી હતી અને ઘણી બધી બાબતોનો ખુલાસો કર્યો હતો. આખરે આ વ્યક્તિને જે રકમ વિચારવામાં આવી હતી તેના કરતા પણ વધુ રકમ ટેક્સ રૂપે ચૂકવવાની જરૂર પડી હતી. આનો મતલબ એ થયો કે સમયસર ટેક્સ ચૂકવણી પણ મહત્વની બાબત છે. શશી એન્ટરપ્રાઈઝના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાના સંદર્ભમાં વિવિધ બાબતોને ધ્યાનમાં લઈને દિલ્હી હાઈકોર્ટ દ્વારા આ ચુકાદો હાથ ધરવામાં આવ્યો હતો. શશી એન્ટરપ્રાઈઝ સામે કલમ ૨૭૬ સીસી હેઠળ પ્રોસીક્યુશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કારણ કે આ કંપની ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરવામાં નિષ્ઠળ રહી હતી. ટેક્સ નિષ્ણાતોનું પણ કહેવું છે કે રિટર્ન નહીં દાખલ કરવાની બાબત પ્રોસીક્યુશન તરફ દોરી શકે છે. આવી સ્થિતિમાં સમયસર ટેક્સની ચૂકવણી મહત્વપૂર્ણ બાબત છે.

કલમ ૨૭૩ સીસી હેઠળ જો કરદાતા ફાઈલ રિટર્ન કરવામાં નિષ્ઠળ રહે છે અને ઈન્કમટેક્સ નોટિસનો જવાબ પણ આપતો નથી તો આવી સ્થિતિમાં તેમના પર કેસના આધાર ઉપર ત્રણ મહિનાથી લઈને ૭ વર્ષની સજા થઈ શકે છે.

શિક્ષણક્ષેત્રે અગ્રેસર ગ્રોમોર સંસ્થામાં શનિવારે નવરાત્રિ થનગનાટ-૨૦૧૯ યોજાશે

પ્રતિનિધી સાબરકાંઠા

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી ગ્રોમોર ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન, હિમતનગરમાં કાર્યરત છે. ગ્રોમોર સંસ્થા છેલ્લા -૧૩ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે અવિરત કાર્ય કરી રહી છે. જેમાં ગ્રોમોર સ્કુલ અને ગ્રોમોરની વિવિધ કોલેજો આવેલી છે.

ગ્રોમોર કેમ્પસમાં સ્કુલ તથા કોલેજમાં ૪૫૦૦ કરતા વધારે વિધ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે.શિક્ષણની સાથે અમો વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરીએ છીએ જેના ભાગરૂપે ગ્રોમોર કેમ્પસ દ્વારા તારીખ ૧૯-૧૦-૨૦૧૯ ,શનિવાર સાંજે ૦૭.૩૦ કલાકેથી ગ્રોમોર નવરાત્રી "થનગનાટ-૨૦૧૯" નું આયોજન ગ્રોમોર કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં આપ ઉપસ્થીત રહી ગ્રોમોર નવરાત્રી "થનગનાટ-૨૦૧૯" ની શોભા વધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે

કારના એસી સર્વિસ સેન્ટરમાં આગ લાગતા અફરાતફરી મચી

સુરત

સરથાણા જકાતનાકા પાસે ડી માર્ટની બાજુમાં પંચનાથ કાર એસી સર્વિસ સેન્ટરમાં મોડી રાત્રે આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે, આસપાસમાં આવેલા ૩ જેટલી દુકાન પણ આગની લપેટમાં આવી ગઈ હતી. આગને પગલે ફાયરના જવાનોને તાત્કાલિક દોડી આવીને આગ પર કાબુ મેળવવા માટે પ્રયાસ કર્યો હતો અને ફાયરના જવાનોએ આજુબાજુના ૬ ફાયર સ્ટેશનોની ગાડીઓને પણ ત્યાં બોલાવી પડી હતી.

સરથાણા જકાતનાકા પાસે ડી માર્ટની બાજુમાં પંચનાથ કાર એસી સર્વિસ સેન્ટરમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. જેના પગલે ભાગદોડ મચી ગઈ હતી. એસી સર્વિસ સેન્ટરમાં લાગેલી આગે વિકરાળ રૂપ ધારણ કરી લેતા આસપાસમાં આવેલા પલ ઓટો એજન્સી, કૃષ્ણા મોટર્સ, જલારામ એલાઈમેન્ટ ગેરેજમાં પણ એક પછી એક ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયરનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. મોટાવરાછા ફાયર સ્ટેશન સિવાય ડુંભાલ, કાપોદ્રા તેમજ ઘાંગી શેરીમાંથી ફાયર બાઉઝર, ફાયર એન્જીન તેમજ વોટર ટેંકરો રવાના કરાયા હતા. ડીજીવીસીએલે વિસ્તારમાં પાવર કાપ કરી દીધો હતો. વધુમાં ફાયરના સ્ટાફે જણાવ્યું કે આગ એક ફોર વ્હીલ ગાડીમાં લાગી હતી, જેમાં સીએનજી કીટ હતી. શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોય એવું પ્રાથમિક તબક્કે લાગી રહ્યું છે.

ચરાદની દેના...

પાના નં.૭ ચાલુ

કેશ કાઉન્ટીંગ મશીન, સ્કેનર, પ્રિન્ટર મશીન,બેટરી,યુપીએસ સહિતનાં તમામ સહિતના ઉપકરણો આગની ઝપટમાં આવતા મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યું હતું. આ અંગે મહેસાણાની રિજયોનલ ઓફીસથી દોડી આવેલા અધિકારીઓએ નુકશાનની માહિતી એકત્રિત કરી હતી. બીજી બાજુ બેંકની કેસ સુરક્ષિત હોવાનું પણ બેંકના સુત્રોએ જણાવ્યું હતું.

માવામાં પાવડર...

પાના નં.૨ ચાલુ

સ્વાસ્થ્ય માટે અતિ હાનિકારિક અને કેન્સર સહિતના ગંભીર રોગોને નોંતરતો આ માવો માત્ર રૂ.૧૦૦થી રૂ.૧૨૫માં તૈયાર થઈ રહ્યો છે, જેની સામે ગ્રાહકો સુધી આવા બિનઆરોગ્યપ્રદ માવામાંથી બનતી મીઠાઈઓ રૂ.૮૦૦થી રૂ.૧૦૦૦ સુધીના ભાવે માર્કેટમાંથી વેચાણ થકી પહોંચી રહી છે. ગુજરાત રાજ્યમાં માવાની મીઠાઈની ૫૦થી વધુ ફેકટરીઓ ધમધમતી છે. પરંતુ આ ફેકટરીઓમાં માવામાં ટેલ્કમ પાવડર સહિતના હાનિકારક તત્વોની ભેળસેળ કરી નાગરિકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા હોવાની બાતમી રાજયના ફુડ અને ડ્રગ્સ વિભાગને મળતાં ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર ડો.એચ.જી.કોશીયાએ આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તપાસ અને દરોડાની કાર્યવાહીના આદેશો જારી કર્યા હતા. જેને પગલે આજે વહેલી સવારથી અમદાવાદ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા સહિતના જુદા જુદા સ્થળોએ માવાની ફેકટરીઓ અને એકમો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમ્યાન માવાની બનાવટમાં ટેલકમ પાવડર વપરાતો હોવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. અધિકારીઓએ દરોડા દરમ્યાન રૂ.૧.૪૫ લાખથી વધુની કિંમતના એક હજાર કિલોથી વધુ ટેલકમ પાવડરનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. આવા બિનઆરોગ્યપ્રદ અને નકલી માવાની મીઠાઇઓ આરોગવાથી ફુડ પોઈઝનીંગ, ઉલ્ટી, પેટમાં દુખાવો, કિડની-લીવરની ગંભીર બિમારીઓનો ખતરો રહે છે. સમગ્ર કૌભાંડમાં માવાની બનાવટમાં ટેલકમ પાવડર, ચૂનો, ચોક અને કેમીકલ યુકત તત્વો, નબળી ગુણવત્તાવાળા દૂધનો ઉપયોગ કરાતો હોવાની વાત પણ સામે આવતાં તંત્ર ચોંકી ઉઠયુ હતુ અને તેથી તે દિશામાં પણ ઉંડી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદની સ્કૂલોમાં...

પાના નં.૩ ચાલુ

અને રામોલ વિસ્તારમાં આવેલી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરી હતી. પોલીસે શાળાઓમાં ચોરી કરાયેલા મુદ્દામાલની તપાસ શરૂ કરી છે. આરોપીઓની પૂછપરછ દરમ્યાન એ વાતનો પણ ખુલાસો સામે આવ્યો હતો કે, બંને આરોપીઓ દિવસના સમયે મજૂરીકામ કરતાં હતા અને રાત્રિના અંધકારમાં પૂર્વ વિસ્તારની શાળાઓને ટાર્ગેટ કરી ત્યાં હાથ સાફ કરતા હતા. રાત્રિના સમયે શાળાઓના સંકુલમાં કોઇ નહી હોવાના કારણે ચોરીની ઘટનાને અંજામ આપવો આસાન હોવાથી આરોપીઓ સ્કૂલોમાં ચોરી કરતા હતા. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં બંને આરોપીઓની પૂછપરછના આધારે તપાસનો દોર જારી રાખ્યો છે.

બાળકને યોગ્ય...

પાના નં.૩ ચાલુ

બનાસકાંઠામાં પૂરની વિકટ પરિસ્થિતિ દરમિયાન આદર્શ શાળાના બાળકોએ આઠ હજાર ફુડ પેકેટ દ્વારા પૂર પીડિતોને મદદ કરી હતી. તે બાબત ખૂબ જ અભિનંદનને પાત્ર છે. બાળકોની શક્તિને આ પ્રકારના વિશિષ્ટ કાર્યોમાં વાળવામાં આવે તો સમાજમાં અદભુત પરિવર્તન લાવી શકાય. સમગ્ર કાર્યક્રમ સંસ્કાર મંડળના ઉત્સાહી મંત્રી હિતેશભાઈ અવસ્થીના અથાગ પ્રયત્નોના કારણે સફળ રહ્યો હતો.

થરાદ પેટાચૂંટણીમાં ...

પાના નં.૮ ચાલુ

તટસ્થ મતદાન માટે પૂરતી વ્યવસ્થા કરી દેવાઈ છે.જિલ્લા કલેકટરે થરાદ મતવિસ્તારના તમામ મતદારોને વધુમાં વધુ મતદાન કરવાની અપીલ પણ કરી છે. થરાદ બેઠકની આ વખતની પેટા ચૂંટણી માટેની મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય એ માટે પૂરતી વ્યવસ્થા ગોઠવાઈ છે. વળી, આ વખતે થરાદ બેઠકની પેટા ચુંટણીની મતગણતરી પાલનપુર નજીકના જગાણા ખાતે યોજાનાર હોઈ મત ગણતરી માટે વહીવટી તંત્રએ એકશન પ્લાન બનાવી દીધો છે તેવું પણ જિલ્લા કલેકટરે જણાવ્યું હતું. આ વખતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જામી છે તેથી તાલુકામાં નહીં પણ જિલ્લામાં ઉત્તેજના છવાઈ છે.

થરાદના વારાની...

પાના નં.૮ ચાલુ

નણંદ જમાલીબેન તમામ માણસો તેની પાછળ પડીને તેણીના પતિને ખોટી રીતે ચઢામણી કરી અરજીઓ અને ફરિયાદો કરાવે છે. તદુપરાંત આ તમામ માણસો તેણીને તથા તેના પુત્ર સેતુમાનને મારી નાખવાની કોશિશમાં ફરે છે અને મારી નાખવાની ધમકીઓ આપે છે. ગત તારીખ ૧/ ૧૦/ ૨૦૧૮ ના સવારના ૯ વાગ્યે આ બધા શખસો ગામના ચોરે ઉભેલા હોઇ તેણી પોતાની બેન સાથે ગામમાં જતાં તમામે તેણીને જોઈ અપશબ્દો બોલીને ફરિયાદ કે અરજી કરેલ છે તે પાછી ખેંચી લે જે નહીતર તારા દીકરા સેતુમાનને મારી નાખીશું તેવી ધમકીઓ આપીને જતા રહ્યા હતા. આ બાબતે મહિલાની ફરિયાદના આધારે પોલીસે તેણીના પતિ, ભાઇ અને નણંદ સહિત તમામ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા ડેપોમાં ...

પાના નં.૮ ચાલુ

એક રેન્ડમલી મેગા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના તમામ ડેપો ખાતે આ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને તેના ભાગ રૂપે ડીસા ડેપોમાં પણ લાઈન ચેકીંગ સ્કવોડ અને સિનિયર ઇન્સ્પેકટર સિકયુરિટી શાખા પાલનપુર દ્વારા રેન્ડમલી મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ડીસા ડેપોના ૨૨ રૂટના ડ્રાઈવર અને અન્ય રૂટના ૨૮ બસોના મળી કુલ ૫૦ જેટલા બસોના ડ્રાઈવરનું બ્રિથ એનાલાઈજર મશીન દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ બાબતે અધિકારીએ જણાવ્યું હતું કે, બસના ચાલકો નશાયુક્ત હાલતમાં ડ્રાઈવ કરી અકસ્માત સર્જી મુસાફરોના જીવ જોખમમાં ન મૂકે તે માટે સાવચેતીના ભાગ રૂપે આ ડ્રાઇવ યોજાઈ હતી. જેમાં પાલનપુર સિનિયર ઇન્સ્પેકટર સિકયુરિટી પાલનપુરના અધિકારી અતિતભાઈ લાઈન ચેકીંગ સ્કવોડ અમદાવાદના અધિકારીઓ પણ જોડાયા હતા અને આ ડ્રાઈવ સમગ્ર રાજયમાં યોજવામાં આવી હતી.

વડગામના આંગણવાડી...

પાના નં.૮ ચાલુ

આશાવર્કરનો સંપર્ક કરતા આશાવર્કર મધુબેન પરમારે સગર્ભા મહિલા સાથે અસભ્ય વર્તન કરી હડપૂત કરતાં કહેલ કે તારે જયાં મારા વિરુદ્ધ રજુઆત કરવી હોય ત્યાં કર આવી કોઈ યોજનાની અમને જાણ નથી. તેથી પીડિત સગર્ભા મહિલાએ આંગણવાડી કેન્દ્ર તેમજ આશા વર્કર વિરુદ્ધ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી હતી.

જલોતરા પંચાયત...

પાના નં.૮ ચાલુ

જલોતરાના તમામ માર્ગો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે,આમ જલોતરા ગ્રામ પંચાયતે સી.સી.ટીવી કેમેરાથી સજ્જ વડગામ તાલુકાની પ્રથમ ગ્રામ પંચાયતનું ગૌરવવંતુ શ્રેય મેળવ્યું છે. જેનાથી ગામલોકોમાં પણ ખુશાલી છવાઈ છે.

સર્વરના ધાંધિયાથી...

પાના નં.૮ ચાલુ

વંચિત રહી ન જાય તે હેતુસર યોગ્ય નિર્ણય કરવાની માંગ કરી ઉપરોક્ત પ્રશ્ન સમગ્ર રાજયનો હોઈ આપણા જીલ્લામાંથી ગાંધીનગર લાગતા વળગતા વિભાગમાં ધ્યાન દોરી તાલુકા કક્ષાએ યોગ્ય હુકમ કરવા માં આવે તે ઇચ્છનીય છે તેમ ઉમેર્યું હતું.

ડીસાના દિવ્યાંગ...

પાના નં.૮ ચાલુ

તાલીમ પણ આપવામાં આવે છે. જોકે આ સંસ્થા ખાતે ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ તાલિમ મેળવી રહયા છે.જેમાં ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં તેઓ સ્વનિર્ભર બને તેવા ઉમદા આશયથી તાલિમ મેળવી રહયા છે. આ તમામ તાલીમાર્થીઓએ એક હજાર કરતા વધુ પેપર ડીશો, પડીયાઓ તથા દિવાળી સમયે એક હજાર કરતા વધુ ડેકોરેટ દીવાઓ બનાવ્યા છે.આ ઉપરાંત તેઓ કિચન ઝુડો બ્રેસલેટ,તોરણો બનાવી રહયા છે.જોકે આ તમામ તાલીમાર્થીઓનો કામ કરવાનો જુસ્સો જોઈ સામાન્ય માણસ પણ પ્રેરાઈ રહયા છે.તેથી દિવાળીના લાખેણા તહેવારોમાં તેમણે બનાવેલી ચીજો આકર્ષણ જમાવશે.

બનાસકાંઠા જિલ્લામાં ...

પાના નં.૮ ચાલુ

રહ્યા છે જયારે આ બાબતે ડીસા તાલુકાના રાણપુર ગામના જાગૃત ખેડૂત કલ્યાણભાઈ રબારી કેટલીક માહિતી આપતા જણાવ્યું હતું કે ખેડૂતો બેંકોમાં પોતાનો પાક ધિરાણ લેવા જાય છે ત્યારે બેંકમાં પાક વીમાની રકમ કાપી લેવામાં આવતી હોય છે એક હેકટર દીઠ એકલાખ રુપિયા ની સામે રુપિયા પંચાવનસો ખેડુત ના અને પંચાવનસો રાજય સરકાર પાસે થી વીમા કંપની લઇ ખેડુતો નો પાક વિમો લે છે પરંતુ ખેડૂતને આ બાબતની કોઇ જાણકારી હોતી નથી કે વીમા કંપની ખેડૂતોને કોઈપણ જાતનું ડોક્યુમેન્ટ પણ આપતી નથી જેથી ખેડૂતોને કોઈ જાતની ખબર હોતી નથી કે કઈ વીમાકંપની દ્વારા તેમની પોલીસ લેવામાં આવી છે જેથી ખેડૂતોને વીમા ક્લેમ કરતી વખતે ભારે મુશ્કેલીઓ ભોગવવી પડતી હોય છે જયારે ખેડૂતો અંગે બેંકમાં રજૂઆત કરવા જાય છે ત્યારે બેંકના અધિકારીઓ જવાબદારી સ્વીકારતા નથી કે રાજય સરકારના આદેશ મુજબ અને ખેડૂતોના ખાતામાં થી વીમા ની રકમ કાપતા હોય છે જેની અમારી કોઈ જવાબદારી હોતી નથી જેને લઇ ખેડૂતોને પાકમાં નુકસાન થયું હોતું હોય તો કોઈ જાતનું વળતર મળતું નથી જે બાબતે જાગૃત ખેડૂત કલ્યાણભાઈ રબારીએ વિવિધ અધિકારીઓના સંપર્ક કરતા બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે સોપોર્ટન નામની કંપની વીમા પોલિસી લીધી છે

જેથી આ કંપનીના અધિકારીઓના સંપર્ક કર્યો હતો પરંતુ અધિકારીઓએ જણાવ્યું હતું કે માત્ર ૭૨ કલાકમાં જ ખેડૂતોએ વીમા ક્લેમ કરવાનો હોય છે ત્યારે પ્રશ્ન થાય છે કે જિલ્લાના અભણ ખેડૂતોને ખુદને ખબર હોતી નથી કઇ જગ્યાએ ક્લેમ કરવો અને કઈ વીમા પોલિસી છે ત્યારે જો બેંકો આ બધી જવાબદારી સ્વીકારવા તૈયાર ન હોય તો ખેડૂતો પાસેથી રકમ કઈ રીતે કાપી શકતા હોય છે જેને લઈ આગામી સમયમાં આ બાબતે કલ્યાણભાઈ રબારી કાયદાકીય રીતે પણ લડત લડવાની તૈયારી બતાવી છે.

મોટામાં થયેલ...

પાના નં.૮ ચાલુ

મુદ્દામાલ કબ્જે લઈ આ શખ્સોને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.આ ચોરીમાં પકડાયેલ શખ્સો રમેશજી કેશાજી ધુંખ, દીનેશજી જકશીજી ઠાકોર તેમજ એક સગીર કિશોર સામે ગઢ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અફઘાનમાં મસ્જિદમાં બે બ્લાસ્ટમાં ૬૦થી વધુ મોત

નાગરસાર

અફઘાનિસ્તાનના નાગરહાર પ્રાંતમાં એક મસ્જિદમાં જુમ્માની નમાઝ વેળા આજે બે બ્લાસ્ટ થયા હતા જેમાં ૬૨થી વધુ લોકોના મોત થઈ ગયા છે જ્યારે અન્ય ૯૦થી વધુ નમાઝી ઘાયલ થયા છે. ઘાયલ થયેલા નમાઝી પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધી શકે છે. આ બનાવ બપોરે બે વાગે બન્યો હતો. હુમલો હસ્કમેયના જિલ્લાના જાદેરા વિસ્તારમાં સ્થિત મસ્જિદમાં બન્યો હતો. હુમલાખોર ત્રાસવાદી સંગઠને હજુ સુધી કોઈ જવાબદારી સ્વીકારી નથી પરંતુ આ બ્લાસ્ટના કારણે ઑપાધૂપી ફેલાઈ ગઈ હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઘાયલ થયેલા મોટાભાગના લોકોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અફઘાનિસ્તાનમાં સક્રિય આતંકવાદી સંગઠનો દ્વારા વારંવાર આ પ્રકારના હુમલા કરીને રક્તપાત સર્જવામાં આવે છે. ફરી એકવાર પ્રયંડ હુમલો કરવામાં આવ્યો છે. હાલના સમયમાં થયેલા હુમલા પૈકી સૌથી મોટા હુમલા તરીકે આને ગણવામાં આવે છે. મસ્જિદમાં જુમ્માની નમાઝ વેળા મોટી સંખ્યામાં નમાઝી એકત્રિત થયા હતા ત્યારે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ખુબ જ ગુમરીતે બૉંબ પ્લાન્ટ કરવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આના કારણે સુરક્ષા સંસ્થાઓની ખામી પણ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કારણ કે, મસ્જિદમાં બ્લાસ્ટ કરવા માટે બૉંબ મુકવામાં આવ્યા હતાતે બાબતની સુરક્ષા સંસ્થાઓને જાણ થઇ ન હતી. શુક્રવારની નમાઝ દરમિયાન આ બ્લાસ્ટ થયો હતો. સંયુક્તરાષ્ટ્રે કહ્યું છે કે, અફઘાનિસ્તાનમાં હિંસાને કોઇ રીતે ચલાવી લેવાઈ નહીં. તેમણે એમ પણ કહ્યું છે કે, ભોગ બનેલા લોકો નમાઝ અદા કરવા માટે આવ્યા હતા. બીજી બાજુ સરકારી હોસ્પિટલમાં અધિકારીઓના કહેવા મુજબ મોતનો આંકડો ૬૦થી ઉપર પહોંચ્યો છે. ઘાયલોની સંખ્યા ૬૦ જેટલી દર્શાવવામાં આવી છે. હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી પરંતુ અફગાનિસ્તાનમાં તાલિબાન અને ઇસ્લામિક સ્ટેટ ગ્રુપની હંમેશા હાજરી રહી છે. આ બે પૈકી કોઇ એક સંગઠનનો હાથ હોઈ શકે છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પહેલી જુલાઈ બાદથી ૧૧૭૪ લોકોના મોત થઈ ચુક્યા છે.

કલ્લુએ બચાવ્યા

કલ્લુ કાગડાને એક દિવસ સન્ની સમડી સાથે માથાકુટ થઈ.વાસ્તવમાં જયાં પંખીઓની વસાહત હતી ત્યાં સમડીનું આગમન થયું હતું. સમડી શિકારી તરીકે જાણીતી હતી. પંખીઓનાં બચ્ચાંને ઉઠાવી જવાં નાના પંખીઓનું અપહરણ કરવું જેવી શિકારી પ્રવૃત્તિ કરતી હતી. તેથી એને પંખીઓની વસાહતમાં આવવું નહીં એવો એક વણલખ્યો ઠરાવ કર્યો હતો. સામે છેડે સમડી આવતી પણ ન હતી.

ઘણા સમય પછી એ પંખીઓની વસાહતમાં અવાજ અને આંબલીના એક ઉંચા ઝાડ પર બેસીને ચિલ્લીલીલી. ચિલ્લીલીલી કરી રહી હતી. આજુબાજુ પોતાની ડોક ફેરવીને જોઈ રહી હતી. એ આંબલીના ઉંચા ઝાડ પર બેઠેલી હોવાથી એનો ચિલ્લીલીલી અવાજ બધે ફરી રહ્યો હતો. બીજી તરફ પંખીઓને જાણ થઈ ગઈ હતી કે આપણા દુશ્મનનું આગમન થઈ ગયું છે. સાવધાન થઈ જાવ, ચીલ્લીલીલના અવાજ પછી ગ્રામ્રોટો પણ છવાઈ ચુકયો હતો.

આ તરફ કલ્લુ કાગડાએ અવાજ સાંભળ્યો.. પારખી પણ લીધું કે નક્કી સન્ની સમડીનું આગમન થયું છે. એ એથી જરૂર આજે કોઈનો ભોગ લેવાઈ જશે. મારે કંઈક કરવું જ જોઈએ. આ દુષ્ટ સન્નીને ભગાડવા જોઈએ. પાછો વિચાર આવ્યો કે એકલા વળી શું કરી શકીશ? સમડી તો જોરાવર છે. એની તો ચાંચ તીક્ષ્ણ છે. પગના નહોર પણ એવા છે એ સાથે ઉડવાની ઝડપની તો વાત જ શી કરી દેવી?

કલ્લુએ વિચાર્યું..

પછી સૌનો સાથ લેવાનું વિચાર્યું.. સૌ પ્રથમ ચંડ ચકલાને જણાવું તો એ કહે મારી તબીયત સારી નથી.. એ પછી ખ્યારે મોહનપોપટજી પાસે ગયો. ખ્યારે મોહન કહે હું શું કરી શકવાનો હતો ? મારી તો ચાંચ પણ સીધી નથી, વાંકી વળેલી છે.. વળેલી ચાંચે હું કેવી રીતે સામનો કરીશ ?

બે જણાના જવાબ પછી કલ્લુ હરીયાહોલા પાસે ગયો. વાત જણાવી. હરીયો કહે, ભૈ હું તો હરિભક્ત છું મને હંસિા પસંદ નથી. મારવાને ઝૂઠવાની વાતોથી કાયમ આઘો રહું છું. મને આવી બાબતોથી દુર રાખો. તો જ કલ્લુભાઈ સારૂં.. હરીયાએ કહ્યું.

કલ્લુ નારાજ તો થયો. છતાં ય હંમિત હાર્યા વગર હસમુખલાલ કબુતર પાસે ગયો. વાત કરી. હસમુખ કબુતર કહે, કલ્લુજી તમારો આ મુદ્દો બરાબર છે પણ જયાં અમારી લા�ઝોઝોમાંથી ઉંચા નથી આવતા ત્યાં સમડી સાથે કયાં લડવા આવવાનો હતો ? તમે એકલા જ ફોડી લો.. હસમુખલાલે કહ્યું..

આ તરફ કલ્લુ નારાજ તો થયો હતો. એમાં વધારો થયો ત્યાં સમડીની ચિલ્લીલીલીનો અવાજ વધી રહ્યો હતો. એ અવાજ જાણે સુચન કરતો હતો કે.. સાવધાન મારું આગમન થઈ ગયું છે.. હવે ગમે તેનું આવી જન્યું.

કલ્લુજયાં જે આંબલી પર સમડી બેસીને બોલતી હતી એની નજીક પહોંચી ગયો. સન્ની સમડી પોતાની ડોક નીચે કરીને ચિલ્લીલીલી ચિલ્લીલીલી અવાજ કાઢતી હતી.કલ્લુ નજીક ગયો.. જે થવું હોય તે થાય..આફત આવે.. મુશ્કેલી આવે છે એ ટાણે કોઈક તો સામનો કરવા બહાર આવવું જ પડે છે.ને જે આંબલીના વૃક્ષ પર બેસીને સન્ની સમડી ચિલ્લીલીલી કહીને અવાજ કરતી હતી ત્યાં કલ્લુ છેક પહોંચી ગયો. ગભરાયા વિના કહ્યું, એય.. અવાજ કરનારી દુષ્ટ સમડી અહીંથી જા... અહીં તારે પ્રવેશ કરવાનો કે અવાજ કાઢવાનો કોઈપણ પ્રકારનો હક્ક નથી.. ચલ ફૂટ...કલ્લુ બોલ્યો..સન્ની સમડીએ કલ્લુ સામે જોતાં જ કહ્યું, એ કાળા કલ્લુડ, તારે મને કહેવાનો કોઈ અધિકાર નથી.. અને મારા માર્ગમાં તારે આવવું નહીં.. નહીં તો જોવા જેવી થશે..

જા...જા.. હવે તારાથી ડરે એ બીજા.. બાકી અહીં ફટાશ થઈ જા...કલ્લુએ કહ્યું અને એ સાથે જ સામે છેડાથી સન્ની સમડીએ કલ્લુ પર હુમલો કર્યો..

કલ્લુ પણ તૈયાર જ હતો. ઝપાઝપી થઈ.. બેય જણા લડતાં લડતાં નીચે પડ્યા... એકબીજાને ચાંચો મારવા લાગ્યા.. ધીબાધીબ.. ધમાધમ... ત્યાં તો કોઈકે જનની વનમાં વાત કરી...

ને કોણ જાણે કેમ પંખીઓમાં હંમિત આવી ગઈ. હરીયો હોલો આમ તો હરિભક્ત હતો. પણ એ તો વાંસડો લઈને દોડયો.. સમડીના લમણામાં જ એક માર્યો.. ઓચીંતાનો પોતાના માથામાં ઘા વાગતાં એ ગભરાઈ... બીજી જ પળે એણ કલ્લુને છોડયો ને ભાગી...

કલ્લુએ જાણે સૌને બચાવ્યા....

-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)

પાડોશી ધર્મ

એક જંગલમાં આવેલાં વૃક્ષના થડની બખોલમાં એક ખિસકોલી રહેતી હતી. જયારે એ જ વૃક્ષની ઉપરના ભાગમાં એક કાગડાએ પોતાનો માળો બાંધ્યો હતો. કાગડો ઘણો જ ચાલાક અને ધુર્ત હતો. જયારે ખીસકોલી સાવ ભોળી હતી. બંને જણાં પોતપોતાના કામમાં વ્યસ્ત રહેતા હતા. એક દિવસ વાતાવરણ ખરાબ થયું એટલે બંને જણાં વહેલી સવારે ખોરાકની શોધમાં નીકળી પડયા. ત્યાં અચાનક ખિસકોલીની નજર એક ફળ પર પડી. તે દોડતી ફળ પાસે પહોંચી ગઈ. પણ તે જ સમયે પેલો કાગડો ત્યાં આવી ચઢયો. અને તે બોલ્યો, 'ખબરદાર ! જો તે ફળને હાથ લગાડયો છે તો !' આ ફળને મેં પહેલાં જોયું છે એટલે તેની પર મારો હક્ક છે.'

'પરંતુ હું તારા કરતાં પહેલાં આ ફળ પાસે આવી છું એટલે તે મારૂં કહેવાય..ખિસકોલી બોલી..

'જો તું મને આ ફળ નહીં આપે તો તારે મારી સાથે લડવું પડશે યાદ રાખજે, મારી ચાંચ તિક્ષ્ણ અને અણીદાર છે..' કાગડાએ ધમકી આપી.

ખિસકોલી તો ડરી ગઈ એણે એ ફળને છોડી દીધું. કાગડાએ તે ફળને પોતાની ચાંચમાં લીધું અને ઉડી ગયો પોતાના માળા તરફ. જયારે ખિસકોલીએ આજુબાજુમાંથી બીજો ખોરાક મેળવીને સંતોષ મેળવ્યો.

સાંજ પડતાં જ ખિસકોલી અને કાગડો પોત પોતાના માળામાં બેઠા હતા અચાનક વાતાવરણમાં પલટો આવ્યો તેજ આંધી અને મુશળધાર વરસાદ વરસવા માંડયો. થોડીવારમાં તો વાતાવરણમાં તાંડવ સર્જાયું વંટોળથી કાગડાનો માળો વેરવિખેર થઈ ગયો.

મુશળધાર વરસાદમાં કાગડો પલળી ગયો. પવનના સુસવાટામાં કાગડો ફ્રુજતો હતો. તે આમતેમ જોઈને આશરો શોધી રહ્યો હતો.

બખોલમાં બેઠેલી ખિસકોલી આ બધું જોઈ રહી હતી પરંતુ દિવસ દરમ્યાન કરેલા કાગડાના વ્યવહારને તે ભુલી શકતી નહોતી.

તેમ છતાંય એનું હૃદય કોમળ અને દયાળુ હતું. એનાથી કાગડાનું દર્દ જોવાતું નહોતું એટલે તે બખોલમાંથી બહાર આવી અને કાગડાને કહેવા લાગી કે, કાગ ભૈયા ! શા માટે વરસાદમાં પલળો છો ક્યાંક બીમાર પડી જશો.આવો મારી ગુફા (બખોલ)માં અને વરસાદમાંથી પલળતા બચી જાવ.'

કાગડાએ ખિસકોલીની વાત સાંભળી પરંતુ પહેલાં તે ખચકાયો પરંતુ મુશળધાર પડતાં વરસાદથી પોતાની જાતને બચાવવાને માટે તે ખીસકોલીની બખોલમાં આવી ગયો.

આખી રાત મુશળધાર વરસાદ વરસતો રહ્યો પરંતુ કાગડો અને ખીસકોલી સહીસલામત રીતે ઝાડની બખોલમાં સુરક્ષિત બેઠા હતા. ધીરે ધીરે સવાર પડી. વરસાદ બંધ થયો ત્યારે કાગડાને ખુબ જ શરમ આવી. તે મનમાં વિચારવા લાગ્યો કે ગઈકાલે બપોરના સમયે ખિસકોલીની ફળ છીનવી લીધું હતું ત્યારે તે કેટલો બધો ખુશ હતો જ્યારે આ ખિસકોલીએ આખી રાત એને પોતાની ગુફામાં આશરો આપ્યો હતો.

ખીસકોલીએ પોતાની પાસે જે વધેલા ખાવાના ટુકડાઓ હતા તે લાવીને કાગડાને આપતાં કહ્યું કે, તમે આ નાસ્તો કરી લો. કારણ કે તમારો માળો તુટી જવાથી હવે તો ખાવાનું પણ નહીં બચ્યું હોય આટલું કહેતાં ખીસકોલીએ પોતાની બખોલમાં પડેલા ફળના થોડાક ટુકડા કાગડાને ખાવાને માટે આપ્યા.

કાગડો ઘણો જ શરમમાં પડી ગયો. તે બોલ્યો, બેન મને માફ કરી દે. જે ફળને મેળવવાને માટે મેં તને ધમકી આપી હતી એ ફળો રાતના વરસાદમાં વહી ગયા. મેં તારી સાથે કેટલો ખરાબ વર્તાવ કર્યો હતો તેમ છતાં તે મારી સાથે પ્રેમભાવ દાખવ્યો અને આખી રાત તારી બખોલમાં આશરો આપીને મારા પ્રાણ બચાવ્યા.

અરે એ તો મારી ફરજ હતી. મુસીબતમાં તો સૌ પહેલાં પાડોશી જ કામમાં આવે છે.. ખિસકોલી બોલી.

એ દિવસ બાદ કાગડાનું જીવન જ બદલાઈ ગયું તે બધાની સાથે પ્રેમથી બોલતો હતો અને વૃક્ષ પરના બધા જ પક્ષીઓ સાથે મિત્રતાભર્યો વર્તાવ રાખવા માંડયો.

છેવટે તેણે એક સારા પાડોશીનું ફરજ નિભાવવાનું શીખી લીધું હતું.

-કમલેશ કંસારા (અમદાવાદ)

મધુવન

ચીંધાય એ રીતે જ મેં ચીંધી હતી ભલા,
ક્યાં આંગળી ચીંધ્યાના લાખો પ્રકાર છે

ચંદ્રેશ મકવાણા 'નારાજ' ના શે'ર માં આંગળી ચીંધવાની વાત કરવામાં આવી છે. આમ તો આપણે કોઈના સામે એક આંગળી ચીંધીએ છીએ ત્યારે બાકીની ત્રણ આંગળીઓ આપણા સામે રહે છે એટલે કોઈના સામે આંગળી ચીંધતાં પહેલાં આપણે આપણા તરફ એક નજર કરી લેવી જોઈએ. આંગળી ચીંધેવાનો સીધો સાદો અર્થ કોઈને મદદ કરવાનો થાય છે અથવા તો કોઈને માર્ગદર્શન આપવું એવો થાય છે. કોઈ અજ્ઞાત વાતને સમજાવવી હોય ત્યારે આંગળી ચીંધેવામાં આવે છે. ઘણા લોકો અજ્ઞાત વાતને સમજવાને બદલે આંગળી પકડી લે છે ત્યારે સમસ્યા થાય છે. ચંદ્ર તરફ માત્ર આંગળી ચીંધી શકાય છે. લોકો ચંદ્ર તરફ જોવાને બદલે આંગળી પકડી લે છે ત્યારે આ શે'ર સાચા અર્થમાં પુરવાર થાય છે.

એમ સમજી હું પ્રણયની બંધ મુઠ્ઠી રાખવો,
કોઈ આવી આંગળી ખોલાવજો ક્યારેક તો

'ધુની' માંડલીયાના આ શે'ર માં પ્રણયની બંધ મુઠ્ઠી ખોલવાની વાત છે. પોતાના દિલમાં છુપાવી રાખેલા પ્રેમને કોઈ એવા પ્રેમીનો ઈંતજાર છે. જે એના હૃદયને ખોલાવી શકે એની એ વાતને બોલાવી શકે છે જે પોતે લાખ કોશીશ કરવા છતાં બોલી શકાતી નથી. બધા માણસો આગળ વ્યક્તિ પોતાની બંધ મુઠ્ઠી ખોલતો નથી. મતલબ કે એના દિલની વાત કરવા માટે કોઈ ખાસ પ્રિયજનનો ઈંતજાર હોય છે. પ્રણયની મુઠ્ઠી ખોલવા માટે પ્રિયતમાની આંગળીઓ જ કામ લાગી શકે.

પ્રેમનો એકરાર સમજુ હું સનમ !
દાંત વચ્ચે તું જો દાબે આંગળી

સુરેશ પરમાર 'સુર'ના શે'ર માં એક સુંદર વાત થઈ છે. પોતાના પ્રિયજનને કશુંક કહેવું હોય અને શબ્દો ના મળતા હોય ત્યારે શરમથી માથું ઝુકી ગયું હોય. ગાલો પર લજ્જાની લાલીમા પથરાઈ ગઈ હોય, હૃદય જોરજોરથી ધડકતું હોય, આંખોને એકરાર હોઠોમાં આવીને ગીજી ગયો હોય એવું લાગે કે હવે એક પણ શબ્દ બોલાશે તો પણ અને નહીં બોલાય તો પણ.. પોતાનાથી રહી શકાશે નહીં, ત્યારે એ પોતાના દાંત વચ્ચે આંગળી દાબી દે છે.

'રોજ મેં અપને લહુ સે ઉસે ખત લિખતા હું
રોજ ઉગલી મેરી તેજાબ મેં આ જાતી હૈ

ખ્યાતનામ શાયર મુનવ્વર રાણાના આ શે'ર માં આંગળીમાં તેજાબ આવવાની વાત છે. સ્વ.શિવ પંડયા કહે છે કે કલમમાંથી શાહી જયારે કોરા કાગળ પર ઉતરે છે ત્યારે હૃદયના લોહી આંગળીના ટેરવાં વાટે શાહીમાં ભળી જાય છે. આંગળીમાં શું શું અનુભવી શકાય છે. કોઈ શાયરે તો કહ્યું છે કે કીન કહેતા હૈ દિલ સિર્ફ સીને મેં હોતા હૈ, તુઝ કો લિખું તો મેરી ઉગલીયાં ભી ધડકતી હૈ'

હો આંગળીને અસુખ એચ એક પીડા છે,
જખમ અનેક ખણાયા છે રૂઝ આવ્યા બાદ

'ગની'દહીંવાલા આ શે'ર માં આંગળીના અસુખની વાત છે. શરીરના કોઈભાગમાં દર્દ હોય તો હાથની બધી આંગળીઓ એની સેવામાં લાગી જાય છે પણ જયારે ખુદ એને કશુંક દુઃખ થાય છ

રખેવાલ

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર

વર્ષ ૨૦૧૮નો બદલો લેવા ટીમ ઇન્ડિયા સુસજ્જ

રાંચી

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલથી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઇ રહી છે. ભારત પહેલાથી જ ૨-૦ની લીડ ધરાવે છે. આ શ્રેણી ક્લીન સ્વીપ કરીને જીતી લેવા માટે તૈયાર છે. આ ટેસ્ટ મેચ જીતીને ભારત વર્ષ ૨૦૧૮માં તેને આફ્રિકા સામે મળેલી હારનો બદલો લેવા માટે તૈયાર છે. બંને ટીમો વચ્ચે હજુ સુધી જે ટેસ્ટ શ્રેણી રમાઇ છે તેના પર નજર કરવામાં આવે તો હવે આફ્રિકાની ટીમ પહેલા કરતા નબળી દેખાઇ રહી છે. વર્ષ ૨૦૧૮માં આફ્રિકાએ ભારત પર શ્રેણી ૨-૧થી જીતી હતી. આ વખતે પ્રથમ ટેસ્ટ જીતી લીધા બાદ ભારત શ્રેણી ૨-૦થી જીતી લેવા માટે તૈયાર છે.

અંસારીના પુત્રના આવાસથી હથિયારોનો જંગી જથ્થો જપ્ત

લખનૌ

ઉત્તરપ્રદેશ પોલીસે બાહુબલી ધારાસભ્ય મુખ્તાર અંસારીના પુત્ર અબ્બાસ અંસારીના દિલ્હી સ્થિત ઘરમાંથી મોટા પાયે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. તેમના આવાસ પરથી મોટા પાયે દારૂગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ૧૨મી ઓક્ટોબરના દિવસથી અબ્બાસ અંસારીની સામે શસ્ત્ર લાયસન્સના મામલે છેતરપિંડીની એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. યુપી પોલીસે વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો છે.

દિવાળી પર્વ પૂર્વે ફટાકડાના ભાવમાં ૩૦ ટકાનો વધારો

અમદાવાદ

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફટાકડાના સ્ટોલ ખૂલી ગયા છે. આ વર્ષે નવી નવી જાતની ફટાકડાની વરાઇટી બજારમાં આવી ગઈ છે, પરંતુ મંદીના માર વચ્ચે ફટાકડાના ભાવમાં ૩૦થી ૩૫ ટકા સુધીનો વધારો થયો છે. મંદીના માહોલ વચ્ચે ફટકડા બજારમાં લોકોની ઓછી ભીડ અને ગ્રાહકોના ઓછા પસારાના કારણે એકબાજુ વેપારીઓમાં ચિંતા પ્રસરેલી જોવા મળી રહી છે તો બીજીબાજુ, અમદાવાદ સહિત રાજયના પ્રજાજનો દિવાળીની મોંઘવારી અને મંદીના માર વચ્ચે ભારે ઉત્સાહ સાથે દિપાવલી પર્વની ઉજવણી કરવા આતુર બન્યા છે. દિવાળીનો તહેવાર નજીક આવતાં જ બાળકો તેમજ યુવાનોમાં અનેરો આનંદ છવાઈ જાય છે અને નવી-નવી વસ્તુઓની ખરીદી કરવા લાગી જાય છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આ વર્ષે ફટાકડાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલ ફટાકડા બજારમાં પાંચ રૂપિયાથી શરૂ થઈને છ હજાર રૂપિયા સુધીના ફટાકડા વેચાઈ રહ્યા છે. શહેરમાં ૫૦૦ થી વધુ વરાઈટીના નાના-મોટા અને અલગ-અલગ પ્રકારના જાતજાતના અને ભાતભાતના ફટાકડા મળી રહ્યા છે. બાળકોમાં કલર સાવર, મેજિક બોનાન્ઝા, જાદુઈ તળાફળી, દશ કલર પેન્સિલ, સુમો બાક્સ, જમીન ચક્કર, ભંભુ, ફૂલઝરી, રોકેટ ફેવરિટ રહ્યાં છે. બાળકો વધુ પડતાં આ વરાઈટીના જ ફટાકડાની પસંદગી કરે છે તો યુવાનોમાં સૂતળી બોમ્બ, વિક્ટર બોમ્બ, વોલ્વો બોમ્બ, કમાન્ડર બોમ્બ, ૨૪૦ શોટ, ૫૦૦ શોટ, ૧૦૦૦ શોટના ફટાકડાએ આકર્ષણ જગાવ્યું છે. તો આ વર્ષે આકાશી બોમ્બ, મ્યુઝિકલ આકાશી બોમ્બ, નવી વરાઈટીના ફટાકડા ૫૦ રૂપિયાથી લઈને રૂ. પાંચ હજારથી આઠ હજાર સુધીના ભાવે બજારમાં વેચાઈ રહ્યા છે.

વિવિધ બજાર ભાવ

ડીસા			
રાયડો	૭૧૧-૭૧૨	એરંડા	૮૦૦-૮૪૧
એરંડા	૮૪૮	મગ	૬૫૦-૬૯૦
ઘઉં	૩૯૦-૪૨૭	તલ	૧૫૫૧-૨૧૦૦
બાજરી	૩૩૦-૪૩૦	અડદ	૮૦૦
તલ	૧૬૯૫-૧૯૫૧	ચોળા	૫૦૦
ચોળા	૭૦૦	ગવાર	૭૦૦-૭૦૫
ર.બાજરી	૩૦૦-૩૩૦	ઘઉં	૪૦૬-૪૪૫
અડદ	૭૯૨-૭૯૬	બાજરી	૩૦૦-૪૨૮
વરી.	૯૮૧	કપાસ	૮૦૦-૧૧૮૦
જીરૂ	૨૬૧૧	**પાટણ**	
ગવાર	૭૪૦	વરી.	૧૦૦૧-૧૧૦૧
મગફળી	૯૦૦-૧૦૦૬	સુવા	૭૦૦-૯૯૨
રાજગરો	૧૪૩૧-૧૪૭૧	રાયડો	૬૯૧-૭૪૨
ભીલડી		એરંડા	૮૦૦-૮૮૦
બાજરી	૨૯૦-૪૦૨	તલ	૧૫૦૦-૧૮૬૫
ઘઉં	૩૮૦-૩૯૨	અજમો	૧૨૦૦-૧૬૦૧
તલ	૧૮૩૧-૨૦૧૧	ઘઉં	૩૯૫-૪૬૦
અડદ	૭૮૦-૯૯૦	બાજરી	૨૮૮-૩૯૬
કપાસ	૯૧૧	જુવાર	૪૫૩
મગફળી	૯૯૦-૧૦૧૨	બંટી	૪૦૨-૪૨૫
વાવ		ર.બાજરી	૨૯૦-૩૬૦
જીરૂ	૨૦૦૦-૨૮૫૧	ચીકુડી	૧૩૫૦-૧૬૧૧
ગવાર	૭૦૦	ગવાર	૬૯૦-૭૨૩
અજમો	૧૬૫૦-૧૮૨૫	રજકો	૧૩૦૦-૨૪૦૧
શિહોરી		અડદ	૪૧૦-૯૫૦
મગફળી	૯૩૫-૯૫૧	મગ	૬૨૫-૬૭૨
ઘઉં	૩૯૦-૪૧૫	કપાસ	૭૫૦-૧૧૧૮
બાજરી	૩૬૫-૩૯૦	**થરાદ**	
તલ	૧૩૫૧-૧૮૬૫	૨૦ કિલોગ્રામ	
થરા		જીરુ	-૨૩૨૫/૩૦૭૦
જીરૂ	૨૬૫૫-૨૯૩૫	રાયડો	-૭૩૦/૭૪૫
એરંડા	૮૪૦-૮૭૦	એરંડા	-૮૫૦/૮૫૬
રાયડો	૭૦૫-૭૨૦	મગફળી	૮૦૦-૯૩૧
ઘઉં	૪૦૨-૪૩૨	મગ	૬૫૦-૧૧૨૧
બાજરી	૩૭૦-૪૦૭	તલ	૧૫૫૦-૨૦૭૦
બંટી	૩૨૦-૩૩૯	બાજરી	-૩૧૫-૪૦૫
તલ	૧૬૫૦-૧૮૫૧	**રાહ**	
રજકો	૧૮૬૦-૨૨૧૫	૨૦ કિલોગ્રામ	
ચીકુડી	૧૪૭૫-૧૬૧૧	રાયડો	-૭૨૫/૭૪૦
સિધ્ધપુર		બાજરી	-૩૩૫/૩૭૦
રાયડો	૭૧૩-૭૩૭	ર.બાજરી	૩૦૦-૩૨૦

સિધ્ધપુરના વિદ્યાર્થીએ કરાટેમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ જીત્યો

સિધ્ધપુર

તાજેતરમાં ગુજરાતની અગ્રણી સંસ્થા સાબર સ્પોર્ટ એકેડેમી હિંમતનગર ખાતે ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનશીપ ૨૦૧૯ યોજાઈ હતી. જેમાં રાજયભરના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સિધ્ધપુર આગાખાન સ્કૂલના વિદ્યાર્થી મોઢ, કાનવ ભૌતિકકુમાર (ઉ.વ.૭) તેમના કોચ હસમુખભાઈ સેન્સાઈના માર્ગદર્શનમાં સ્પર્ધામાં જોડાયા હતા અને ગોલ્ડ મેડલ જીતી મોઢ પરિવાર તેમજ આગાખાન સ્કૂલ અને સિધ્ધપુરનું ગૌરવ વધારેલ છે.

પાટણ જિલ્લામાં તમામ પેટ્રોલ પંપ-હોટલો અને ટોલ પ્લાઝા પર સી.સી.ટીવી કેમેરા લગાવવા ફરમાન

પાટણ

પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.જી. પ્રજાપતિએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની (સને. ૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ પાટણ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ પેટ્રોલ પંપો/હોટલો તથા ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. નાઇટ વિઝન (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોડ'ગ સીસ્ટમની વ્યવસ્થા તેમજ હોટલોમાં રીસેપ્શન કાઉન્ટર ઉપર લગાવવા તેમજ ડેટા છ માસ સુધી સાચવી રાખવો. સદરહું ડેટા પોલીસ અધિકારી તરફથી માગણી કર્યે આપવાનો રહેશે. આ હુકમ પાટણ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તોર માટે લાગુ પડશે તથા આ જાહેરનામું તા.૦૧/૧૦/૨૦૧૯ થી તા. ૩૦/૧૧/૨૦૧૯ સુધી અમલી રહેશે.

ગંભીર અનડીટેકટેડ ગુનાઓના ઈન્વેસ્ટીગેશન દરમ્યાન ગુનેગારોને શોધી કાઢવા માટે હાઈવેના દરેક હોટલ, પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, બેંકો, મંદિરો વગેરે સ્થળો ઉપર સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોડ'ગ સીસ્ટમ હોવી જોઈએ. હાઇવે ઉપરની હોટલો અને પેટ્રોલ પંપો ઉપર આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી ગુનેગારોને પકડી શકાય. ગુનાઓ ડીટેકટ થાય તો ગુનેગારો વધુ ગુના કરતા અટકે છે. આ રીતે નાગરિકોના જાન અને માલ બચે છે. જેથી આ પ્રકારની ઘટનાઓ ન બને તથા અને બને તો આવા ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર જાહેરનામા મુજબના પગલા લેવા જરૂરી બને છે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સરકાર પહેલી નવેમ્બરથી મગફળી ખરીદશે, ખેતીમાં 33 ટકાથી વધુ નુકશાનીનું વળતર મળશે

ગાંધીનગર

આ મહિનાની શરૂવાતથી જ માર્કેટ યાર્ડની આવક શરૂ થઇ ગઇ છે. વરસાદ રોકાતા ખેડૂતોને રાહત શ્વાસ મળ્યો છે. જોકે, આ વર્ષે અતિવૃષ્ટીના કારણે ખેડૂતોની મગફળીમાં મુંડાનો રોગ તેમજ ફુગ બેસી જવાનો બનાવ સામે આવ્યો છે. ત્યારે હાલ ખેડૂતો માર્કેટ યાર્ડમા મગફળી વેચવા લાવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકારે ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી દીધી છે. ગાંધીનગર અન્ન પુરવઠા વિભાગ દ્વારા ૧ નવેમ્બરથી મગફળી ખરીદી કરવામાં આવશે. આ સાથે ખરીદી ૩૦મી જાન્યુઆરી ૨૦૨૦ સુધી થશે.

ગુજરાતમાં મગફળી ખરીદીનાં ૧૨૨ સેન્ટર ખાતે ખેડૂતો મગફળી વેચી શકશે. પ્રથમ તબક્કે ખેડૂત દીઠ ૨૫૦૦ કિ.ગ્રામ મગફળી ખરીદવામાં આવશે. નોંધનીય છે કે મગફળી ટેકાનાં ભાવે વેચાણ માટે ૪.૪૪ લાખ રજીસ્ટ્રેશન થયા છે. કૃષિ વિભાગની માર્ગદર્શિકા પ્રમાણે ખેડૂતોને તેના પાકની નુકસાની જોઈને તેનું વળતર આપવામાં આવશે. ખેતીમાં ૩૩ ટકાથી વધારે નુકસાનીનું વળતર મળશે. મહત્તમ ૨ હેકટર સુધી નુકસાનીનું વળતર મળશે. પિયત વિસ્તારમાં પ્રતિ હેકટર રૂ. ૧૩૫૦૦ વળતર મળશે. બિન પિયત વિસ્તારમાં પ્રતિ હેકટર રૂ. ૬૫૦૦ વળતર આપવામાં આવશે.

ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા ફીમાં ૧૦ ટકાનો જંગી વધારો ઝીંકાયો

અમદાવાદ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવામાં આવતી પરિક્ષાની ફીમાં વધારો કરી દેવામાં આવ્યો છે ત્યારે વિદ્યાર્થીઓને આર્થિક બોજો પડશે. બોર્ડના ફરાવને લઈને પરિક્ષા ફીમાં ૧૦ ટકાનો વધારો કરવામા આવ્યો છે.

ધોરણ ૧૦ની વાત કરવામાં આવે તો બોર્ડ દ્વારા નિયત વિદ્યાર્થીઓ માટે ૩૫૫ જયારે ખાનગી વિદ્યાર્થીઓ માટે ૭૩૦ ફી, વિજ્ઞાન પ્રવાહ માટે ૬૦૫ જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓ માટે ૪૯૦. જયારે ખાનગી ઉમેદવારો માટે ૮૭૦ રૂપિયા ફી જાહેર કરાવામા આવી છે. બોર્ડ દ્વારા સ્ટેશનરી અને અન્ય ખર્ચને લઈને વાર્ષિક ૧૦ ટકાનો ફી વધારો કરવામાં આવે છે. પરંતુ સુવીધાઓના નામ પર વિદ્યાર્થીઓને ખાસ કંઈ સુવીધાઓ આપવામા આવતી નથી. સોનાની લગડી સમાન બોર્ડ ફક્ત પરિક્ષા ફીમાંથી જ અબજો રૂપિયા કમાય છે. ધો.૧૦ના વિદ્યાર્થીઓની જ વાત કરવામા આવે તે એક વિદ્યાર્થી પાસેથી ૩૫૫ લેખે ૧૦ લાખ વિદ્યાર્થીઓના ૩ અબજથી વધુ રૂપિયા રળે છે. જયારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ પાસેથી નવ કરોડ જયારે કોમર્સના વિદ્યાર્થીઓ પાસેથી બોર્ડ ૨૬ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ એકઠી કરે છે.

આગામી લોકસભા ચૂંટણી પૂર્વે એનઆરસી લાગુ કરી દેવામાં આવશેઃ અમિત શાહ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહે એનઆરસી (નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન)ને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. આસામમાં એનઆરસીની અંતિમ યાદી જાહેર થઈ ગયા બાદ તે ક્યારે લાગુ કરવામાં આવશે તેની અટકળો વહેતી થઈ હતી. જો કે આ મુદ્દે ગૃહ મંત્રીએ વલણ સ્પષ્ટ કરી દીધું છે. અમિત શાહે એક વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, નિશ્ચિતરૂપથી ૨૦૨૪ પહેલા એટલે કે આગામી લોકસભા પૂર્વે એનઆરસી લાગુ કરી દેવામાં આવશે.

તાજેતરમાં એક ભાષણમાં શાહે જણાવ્યું હતું કે જેટલા પણ હિન્દુ છે, ખ્રિસ્તી છે, બૌદ્ધ ધર્મના લોકો છે અને જૈન છે તે તમામ આપણા દેશમાં સુરક્ષિત છે. જો કે તેમણે મુસ્લિમોનો ઉલ્લેખ કર્યો નહતો. આ અંગે જયારે ગૃહ મંત્રીને પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, અમે એ લોકોને પણ નાગરિકત્વ આપીશું તેમ મે જણાવ્યું હતું. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી લઘુમતિઓ પોતાના ધર્મને બચાવવા માટે આ દેશની શરણમાં આવે છે તેઓ પ્રતાડિત થઈને આવે છે. જો તેઓ પોતાની માતા, બહેનો અને દીકરીઓના સમ્માનને બચાવવા માટે અહીં આવે છે તો તેઓ શરણાર્થી છે, ઘૂસણખોર નથી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું કે, 'જો કોઈ રોજા રોટી માટે આવે છે અથવા કાયદો વ્યવસ્થા ડહોળવા આવે છે તો તે ઘૂસણખોર હોય છે. તમામ મુસલમાન ઘૂસણખોર છે એવું હું નથી કહેતો. તેમના પર ધાર્મિક ત્રાસ આપવાની શક્યતા નથી હોતી.'

૧૬-રાધનપુર વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી-૨૦૧૯

મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં ઓળખ કાપલી માટે ટેબલ-ખુરશી મુકવા પર પાબંધી

પાટણ

આગામી ૨૧ ઓક્ટોબરના રોજ યોજાનાર ૧૬-રાધનપુર વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી-૨૦૧૯ અન્વયે મતદારના દિવસે રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ચૂંટણી એજન્ટો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે આવતા મતદારોને મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર, ક્રમ નંબર, નામવાળી ઓળખ કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે. જેનાથી મત આપવા આવતા મતદારો તથા અવર-જવર કરતા લોકોને અને ટ્રાફિકને અડચણ કરતા હોય છે. લોકોમાં ભય, હરકત અથવા અગવડ ઉભી ન થાય તે માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં વિવિધ નિયંત્રણો મુકવામાં આવ્યા છે.

ધી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આનંદ પટેલ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે કે, પાટણ જિલ્લાના રાધનપુર વિધાનસભા મત વિસ્તાર માટે મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટરની ત્રિજયા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા માટે કોઈપણ ઉમેદવાર ઈચ્છે તો એક ટેબલ, બે ખુરશીઓ મુકી શકશે. ટેબલ પર છાંયડો કરી શકશે, પરંતુ તેને કવર્ડ કરી શકશે નહીં તથા આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફક્ત એક જ બેનર ૦૩ ફૂટ ૬ ૦૪ ૧/૨ ફૂટ સાઈઝનું મુકી શકશે. આવું ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવાનું હોય તે જગ્યાના નામ સાથે જાણ કરવી જોઈશે અને નગર પાલિકા, ગ્રામ પંચાયત જેવા સ્થાનિક સત્તા મંડળના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જયારે કોઈપણ અધિકારી જોવા માંગે ત્યારે રજુ કરવાની રહેશે. આ મંજુરી મેળવેલા ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે. મત આપીને પરત આવતા મતદારો આ ટેબલ ઉપર એકઠા થઈ શકશે નહી. આ હુકમ મતદાનની તા.૨૧/૧૦/૧૯ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે. જેના ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ મુજબ સજાને પાત્ર રહેશે.

મહેસાણાની ધી ન્યુ પ્રોગ્રેસિવ બી.એડ.કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

મહેસાણા

મહેસાણાના વીઝીલન્સ સપ્તાહ ઉપક્રમે ધી ન્યુ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા ઈમાનદારી એક જીવન શૈલી વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં શ્રી દેબીશકુમાર(જનરલ મેનેજર વીઝીલન્સ, બી.એસ.રાજપૂત, જનરલ મેનેજર તથા આર.એમ.વોરા(મેનેજર એચ.આર.) તથા પ્રિ.ડો.અમ. કે.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કુલ પંદર તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમ પ્રથમ ક્રમે દિપકકુમાર ડી.પંચ્ચા, બીજા ક્રમે ભુમિ જી.પટેલ, ત્રીજા ક્રમે નિકીતા આઈ.ઠક્કર અને ચોથા ક્રમે રોહિત આર.પ્રજાપતિ આવ્યા હતા. આ પ્રત્યેકને અનુક્રમે રૂ.૧૫૦૦, ૧૦૦૦, ૭૫૦, અને ૫૦૦ રૂપિયાનું રોકડ ઈનામ ઓ.એન.જી.સી. મહેસાણા તરફથી એનાયત કરવામાં આવ્યા હતા.

હવે વારસાગત એન્ટ્રી ટ્રંકમાં ઓનલાઇન કરાશે : રિપોર્ટ

અમદાવાદ

રાજ્ય સરકારે વિવિધ મહેસુલી સેવાઓ ઓનલાઇન કર્યા બાદ હવે વારસાઈ નોંધ પણ ઓનલાઇન કરી શકાય તેવી સુવિધા શરૂ કરી દીધી છે જેના કારણે હવે નાગરિકોએ કચેરીનો ધક્કો ખાવો નહીં પડે. પરંતુ ઘેર બેઠાં ઓનલાઇન અરજી અને તેને લગતી તમામ પ્રક્રિયા પૂરી કરીને વારસાઈ નોંધ કરાવી શકાશે. સરકારની આ અગત્યની સુવિધાને લઈ અરજદારોને બહુ મોટી રાહત થઈ છે. ખાસ કરીને મામલતદાર કચેરીના ધક્કા નહી ખાવા પડે. વારસાઈ એન્ટ્રી પણ હવે ઓનલાઇન જ શકય બનશે. તંત્ર દ્વારા વારસાઈની કાચી નોંધ બાબતે એસએમએસ મોકલવામાં આવશે. ત્યારબાદ અરજદારે જરૂરી તમામ પુરાવાઓ ૧૫ દિવસમાં રજૂ કરવાના રહેશે. વારસાઈ નોંધ સુવિધા માટે આઈઓઆરએ. ગુજરાત.ગવ.ઈન પર અરજી સબમીટ કરવાની રહેશે. માત્ર પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલી અરજી જ માન્ય ગણાશે. ઓનલાઇન અરજીની પ્રક્રિયા પૂરી થયેથી અરજી જે તે તાલુકા કે શહેરમાં ઈ-પરા કેન્દ્રમાં આગળની પ્રક્રિયા માટે સબમીટ થશે. અરજદારે જરૂરી તમામ પુરાવાઓ ૧૫ દિવસમાં રજૂ કરી દે ત્યારબાદ અરજીની તમામ વિગતોની સ્થિતિ અને નિકાલની વિગતો મોબાઇલ પર મળતી રહેશે. સહીવાળી અરજી સાથે મરણનું પ્રમાણપત્ર તથા મરણ પામનાર ખાતેદારનું તલાટી રૂબરૂનું પેઢીનામું સ્કેન કરી અપલોડ કરવાના રહેશ. વારસાઈની કાચી નોંધ બાબતે એસએમએસ મોકલવામાં આવશે તથા અરજી સબમિટ કર્યાની તારીખથી મહત્તમ ૧૫ દિવસમાં અસલ દસ્તાવેજો જે તે તાલુકાના ઈ-પરા કેન્દ્ર ખાતે રજૂ કરવાના રહેશે. અરજદાર તથા અરજી મુજબના હક્ક ધરાવનાર તમામના મોબાઈલ નંબરની વિગતો રજૂ કરી હશે તો તમામને વારસાઈની કાચી નોંધ બાબતે એસએમએસ મોકલવામાં આવશે. સરકારની આ સુવિધાના કારણે નાગરિકોને બહુ મોટી રાહત થઈ છે અને તેમની સુગમતા હાથવગી બની છે.

તીવ્ર લેવાલી વચ્ચે સેંસેક્સ ૨૪૬ પોઇન્ટ સુધરીને બંધ : નવી આશા

કારોબારના અંતે સેંસેક્સ ૩૯૨૯૮ની ઉંચી સપાટી ઉપર બંધ

મુંબઈ

શેરબજારમાં હાલમાં ચાલી રહેલા તેજીના દિવસો ચિલચિલો આજે પણ ચલાવતરીતે જારી રહ્યો હતો. ચીનના જીડીપીનો આંકડો ૨૦ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હોવા છતા તેની કોઈ અસર બજાર ઉપર રહી ન હતી. ચીનમાં જીડીપી ગ્રોથનો આંકડો ઘટીને ૬ ટકા સુધી પહોંચી ગયો છે. બેંચમાર્ક બીએસઈ સેંસેક્સે ૨૪૬ પોઈન્ટ ઉછળીને ૩૯૨૯૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો તેમાં ૦.૬૩ ટકાનો ઉછળો રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આ ઈન્ડેક્સ ક્રમશઃ ૩૯૩૬૧ની ઉંચી અને ૩૯૦૯૪ની નીચી સપાટીએ રહ્યો હતો. પણ બેંકના શેરમાં આજે ૮ ટકાનો ઉછળો રહ્યો હતો જયારે તાતા મોટર્સના શેરમાં સીધી વધુ એક ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડ અને સ્મોલકેપમાં ઉથલપાથલનો દોર રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨૫૩ પોઈન્ટનો અવધારા તો ૧.૭૮ ટકાનો ઉછળો રહેતા તેની સપાટી ૧૪૪૨૦ રહી હતી જયારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૩૧૨૭ની સપાટી રહી હતી તેમાં ૨૧૩ પોઈન્ટનો ઉછળો અથવા તો ૧.૬૫ ટકાનો ઉછળો રહ્યો હતો. બ્રોડર નિફટીમાં ૩૫ પોઈન્ટનો ઉછળો જોવા મળ્યો હતો જેથી તેની સપાટી ૧૧૬૬૨ રહી હતી. સાપ્તાહિક આધાર પર સેંસેક્સ અને નિફટી બંનેમાં ત્રણ ટકાની આસપાસનો ઉછળો રહ્યો છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફટી આઈટી ઈન્ડેક્સ સિવાય અન્ય તમામ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. રિયાલીટીના શેરમાં સીધી વધુ ઉછળો રહ્યો હતો. મેટલ અને પીએસયુ બેંકના શેરમાં પણ તેજી રહી હતી. નિફટી રિયાલીટી ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછળો રહેતા તેની સપાટી ૨૧૩ રહી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ આજે ઉલ્લેખનીય સકળતા હાંસલ કરી હતી. કારોબારના અંતે તેના શેરમાં એક ટકાની આસપાસનો ઉછળો રહ્યો હતો. ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સના શેરમાં ૨૦ ટકાનો ઉછળો રહેતા તેના શેરની કિંમત ૫૬.૪૫ સુધી પહોંચી હતી. સરકાર દ્વારા કંપનીમાં હિસ્સેદારી ઘટાડવામાં આવી શકે છે. આ શેરમાં ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન આજે એક દશકમાં સીધી જોરદાર રિકવરી રહી હતી. આ શેરમાં આજે કારોબાર દરમિયાન ૨૨ ટકાથી વધુનો ઉછળો નોંધાયો હતો. એશિયન શેરબજારમાં અઠવાતકડી રહી હતી. બીજા બાજુ કોમોડિટીની વાત કરવામાં આવે તો તેલ કિંમતોમાં ઘટાડો થયો છે. આશરે ત્રણ દશકમાં ચીનમાં જીડીપી ગ્રોથ સીધી નીચી સપાટીએ રહ્યો છે. માંગને લઈને મંદીની અસર નોંધાઈ રહી છે. દેશની અર્થવ્યસ્થાને લઈને હે મોટા હેવાલ આવી રહ્યા છે. દેશમાં સપ્ટેમ્બર માસમાં આયાત નિકાલ ડેટા પણ જાહેર કરવામાં આવ્યા છે. આ ડેટા મુજબ આયાતમાં ૧૩.૮ ટકા અને નિકાસમાં ૯.૫૩ ટકાનો ઘટાડો થયો છે. જો કે આ બાળ દરમિયાન વેપાર ખાધ ૧૪૯૫ કરોડ ડોલરથી ઘટીને ૧૦૮૬ કરોડ ડોલર થઈ ગઈ છે. સપ્ટેમ્બર મહિનામાં ક્રુડ ઓઈલની આયાત ૧૮.૩૩ ટકા ઘટીને ૧૦૯૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે મેકેન્ડાઇઝ નિકાસનો આંકડો ૬.૫૭ ટકા સુધી ઘટી ગયો છે. સાથે સાથે આ આંકડો ઘટીને ૨૬૦૬ કરોડ સુધી પહોંચી ગયો છે.

કુલ આયાત ૧૩.૮૫ ટકા ઘટીને ૩૬૮૯ કરોડ ડોલરની આસપાસ રહ્યો છે. સપ્ટેમ્બર ૨૦૧૮ની તુલનામાં ૨૦૧૯માં કુલ નિકાસમાં ઘટાડો થયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશી રોકાણકારોએ ઓક્ટોબર મહિનાના પ્રથમ બે સપ્તાહના ગાળામાં જ ભારતીય મૂડી માર્કેટમાંથી ૬૨૦૦ કરોડથી વધુની રકમ પાછી ખેંચી લીધી છે. વૈશ્વિક મંદીની દહશત અને ટ્રેડવોરને લઈને ચિંતાની સીધી અસર જોવા મળી રહી છે. પહેલીથી ૧૧મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં વિદેશી મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાંથી ૪૮૫૫.૨ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે જયારે ડેબ્ટ માર્કેટમાંથી ૧૨૬૧.૯ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે.